Monnday
02.09.2024
✳Volume :9 ✳ Issue No.46
✳Email.: kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત

વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

✳Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04 ✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

સરકાર ગિગ અને પ્લેટફોર્મ વર્કર્સને સામાજિક સુરક્ષા હેઠળ આવરી લેવામાં આવે તે સુનિશ્ચિત કરવા માટેસરકાર સક્રિયપણે વિવિધ માર્ગો શોધી રહી છે - ડો. મનસુખ માંડવિયા

કેન્દ્રીય મંત્રીએ ભારતમાં ગિગ અને પ્લેટફોર્મ વર્કર્સ માટે સામાજિક સુરક્ષા પર સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી

કમલમ્ ન્યુઝ,

ભારત સરકાર ગિગ અને પ્લેટફોર્મ કામદારોને સામાજિક સુરક્ષાનો લાભ આપવા માટે પ્રતિબદ્ધ છે,એમ કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડો. મનસુખ માંડવિયાએ આજે નવી દિલ્હીમાં એક સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરતાં જાહેરાતકરીહતી.ગિગઅને પ્લેટફોર્મ કામદારોના કલ્યાણની સુરક્ષા માટેના એક મહત્વપૂર્ણ પગલામાં, ડો. માંડવિયાએ ભારપૂર્વક જણાવ્યુંહતું કસરકાર આ કામદારોને સામાજિક સુરક્ષા યોજનાઓ હેઠળ આવરી લેવામાં આવે તે સુનિશ્ચિત કરવા માટે વિવિધ માર્ગોની સક્રિય પણે શોધ કરી રહી છે. મંત્રીએ જણાવ્યું હતું કે, "અમારી સરકાર ગિગ અને પ્લેટ ફોર્મ કામદારોની સુખાકારી માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે, જેઓ અમારા કર્મબળનોનિર્ણાયક ભાગ છે." તેમણે વધુમાં કહ્યું કે, અમે તેમને લાભ કસામાજિક સુરક્ષા પ્રદાન કરવા માટે વિસ્તૃત વ્યૂહરચના પર કામ કરી રહ્યા છીએ.

ઈ-શ્રમ પોર્ટલ પર રજિસ્ટ્રેશન

સામાજિક સુરક્ષાનાં પગલાંના અમલીકરણને સરળ બનાવવા માટે ડો.માંડવિયાએ જણાવ્યું હતું કેશ્રમદારોની નોંધણી ઈ-શ્રમ પોર્ટલ પર હાથ ધરવામાં આવશે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે એગ્રિગેટર્સ - જે કંપનીઓ ગિગ અને પ્લેટફોર્મ કામદારોને રોજગારીઆપેછે- તેમનેઆ પોર્ટલ પર તેમના કામદારોની નોંધણી કરવામાં આગેવાની લેવાનું કર્યવામાં આવશે. ડો.માંડવિયાએ જાહેરાત કરીહતી કે, "સરળ અને કાર્યક્ષમ નોંધણી પ્રક્રિયા સુનિશ્ચિત કરવા માટે એગ્રિગેટર્સ માટે ઓન લાઈન વિન્ડો ઉપલબ્ધ કરાવવામાંઆવશે."

સામાજિક સુરક્ષાપરના કોડ હેઠળ પ્રથમ વખતની માન્યતા

કેન્દ્રીય મંત્રીએ સામાજિક સુરક્ષા પરની આચારસંહિતાનાં મહત્ત્વ પર પણ ભાર મૂક્યો હતો, જે સૌપ્રથમ વખત ભારતમાં ગિગ અને પ્લેટફોર્મવર્કર્સને વ્યાખ્યાયિત કરે છે. તેમણેકહ્યું હતું કે, "આપણા અર્થતંત્રમાં ગિગ અને પ્લેટફોર્મ કામદારોની ભૂમિકાઓને સ્વીકારવા અને ઔપચારિક બનાવવાની દિશામાં આ એક મહત્વપૂર્ણ પગલું છે."

સર્વસમાવેશક વૃદ્ધિ માટે પ્રતિબદ્ધતા

ડો. માંડવિયાએ સર્વસમાવેશક વિકાસ માટે સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો અને ગિગ અને પ્લેટફોર્મ વર્કર્સ સહિત કાર્યબળના તમામ વર્ગોના સશક્તિકરણનો પુનરોચ્ચાર કર્યો હતો.તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, "અમે એ સુનિશ્ચિત કરવા માટે કટિબદ્ધ છીએ કે ભારતમાં દરેક કામદારને, પછી ભલેને તે રોજગારનો દરજ્જો ગમે તે હોય, તેને સામાજિક સલામતીનો અધિકાર આપવામાં આવે."

શ્રમ અને રોજગાર મંત્રાલય એક મજબૂત માળખું વિકસાવવા તમામ હિતધારકોસાથે ખભેખભા મિલાવીને કામ કરી રહ્યું છે, જે કાર્યની વિકસતિ પ્રકૃતિ સાથે સુસંગત છે તથા ગિગ અને પ્લેટફોર્મ કામદારોને પર્યાપ્ત સુરક્ષા પ્રદાન કરે છે.શ્રમ અને રોજગાર મંત્રાલયના સચિવઅને મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ આ બેઠકમાં સામેલ થયા હતા.

વડોદરામાં રાહત કામગીરીનું પ્રભાવી સંકલન અને સમગ્રતયા નિરીક્ષણ કરતા મંત્રી શ્રી ભીખુસિંહજી પરમાર

વડોદરામાં આવેલી વિપદામાં બચાવ-રાહતની કામગીરી સરાહનીયઃ મંત્રી શ્રી પરમાર

વડોદરા શહેરમાં યુદ્ધના ધોરણે ચાલી રહી છે સફાઇ કામગીરી, આરોગ્ય ક્ષેત્ર પર પણ ખાસ ફોકસ

કમલમ્ ન્યુઝ,વડોદરા

વડોદરા શહેર અને જિલ્લામાંઆવેલીવિપદામાં રાજ્ય સરકાર દ્વારા ચાલી રહેલી રાહત કામગીરીનું પ્રભાવી સંકલન અને નિરીક્ષણકરવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા નિયુક્ત કરાયેલા મંત્રી શ્રી ભીખુસિંહજી પરમાર સતત પ્રવાસ કરી રહ્યા છે. આજે તેમણે કલેક્ટર કચેરીખાતેઆ બાબતેઅંગે મહત્વપૂર્ણબેઠક યોજી સમીક્ષા કરી હતી. આ બેઠક માં ઉપસ્થિતકલેક્ટર શ્રીબિજલ શાહે જણાવ્યું કે, હાલમાં જળાશયોની સ્થિતિ સામાન્ય થતાં મોટા ભાગના વિસ્તારોમાંથી પાણી ઓસરી ગયું છે અને જનજીવન સામાન્ય થઈ રહ્યું છે. સમગ્ર તંત્ર દ્વારા કંપાઉલ્સ વિતરણ અને ઘરવખરી સહાય ચૂકવણીની કર્યવાહી યુદ્ધના ધોરણે કરવામાંઆવીરહીછે. ૮૭,૦૦૦ પૈકી ૫૦,૨૦૦ વ્યક્તિને ૧.૩૪ કરોડની કંપાઉલ્સ ચૂકવણી થઈ ગઈ છે.આ ઉપરાંતસાત હજાર પૈકી ત્રણ હજાર કરતા વધારે પરિવારોને રૂ. ૭૬.૯૨ લાખ ઘરવખરી સહાય ચૂકવાઈ ગઈ છે. આ ઉપરાંત જિલ્લામાંઆરોગ્યલક્ષી કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. જિલ્લા વિકાસ અધિકારી શ્રીમતી મમતા હિરપરાએ જણાવ્યું કે, જિલ્લામાં આરોગ્યની બાબતે ટીમો દ્વારા ઘનિષ્ઠ રીતે નાગરિકોની તબીબી તપાસણી કરવામાં આવી રહી છે. ૨૧ મોબાઈલ યુનિટ પણ આ કામગીરી રહ્યા છે. ખાસ કરીને નાગરિકો સાથે આંગણવાડી અને શાળાના બાળકોના આરોગ્ય ની તપાસણી કરવામાં આવી રહી છે. કોગ્નિશન, ક્લોરિનેશન અને સુપર ક્લોરિનેશન, દવા છંટકાવની કામગીરી કરવામાં આવી રહી છે. એમજીવીસીએલ વતી મનેજિંગ ડિરેક્ટરશ્રી તેજસ પટમારે જણાવ્યું કે, વડોદરા શહેરમાં ૪૪ અને જિલ્લામાં ૭૦૦ જેટલા વીજપોલ ધરાશયી થઈ ગયા હતા. તેને તાબડતોબ ઉભી કરવામાં આવ્યા છે અનેવૈકલ્પિક રીતેવીજ પુરવઠો પુનઃ સ્થાપિત કરવામાં આવ્યો છે. કટોકીક ઈમારતોમાં હજુ પાણી ભરાયા હોવાથી તેના રહીશોની માંગણી અનુસાર વીજળી આપવામાં આવી નથી. એમજીવીસીએલદ્વારા પાંચ હજાર જેટલાવીજ મિટરોરિપ્લેસ કરવાના થાય છે. માર્ગ-મકાન રાજ્ય અને પંચાયત હસ્તકના મોટા ભાગના રસ્તાઓ પૂર્વવત થઈ ગયા છે. આ ઉપરાંત જિલ્લામાં પાણી-પુરવઠા પૂરા પાડતી તમામ જૂથ પાણી યોજનાઓ કાર્યરત છે. આ ઉપરાંત જિલ્લામાં અતિવૃષ્ટિનાકારણે નાશ પામેલા કાચા-પાકા મકાનો, ઝૂંપડાઓના નુકસાનીના સરવેની કામગીરી હાલચાલી રહીછે. ઉક્ત હકીકતો જાણ્યા બાદ રાજ્ય મંત્રી શ્રી ભીખુસિંહ પરમાર જણાવ્યું કે, વડોદરામાં આવેલી વિપદામાં બચાવ અને તે બાદ રાહતની કામગીરી સરાહનીય છે અને તે માટે તમામ કર્મયોગીઓના દિનરાતના પરિશ્રમ બિરદાવાને પાત્ર છે. તેમણે કહ્યું કે, રાજ્ય સરકારની આપત્તિને લગતી વિવિધ સહાય ચૂકવણી સારી રીતે થઈ છે અને તે ઝડપથી થાય એવું પ્રેરક સૂચન પણતેમણે કર્યું હતું. બાદમાં રોજયમંત્રીશ્રીએ શહેરના વાઘોડિયા રોડ ઉપર ના કંટ્રોલક વિસ્તારોમાં કરીને સ્થળ-સ્થિતિનો તાગ મેળવ્યો હતો અને નાગરિકો સાથે સંવાદ સાધીનેમના ક્ષેમકુશળ પૂછ્યા હતા. આ બેઠક માં સંયુક્ત પોલીસ કમિશનર શ્રી મનોજ નિનામા, નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી હસમુખભાઈ પ્રજાપતિ, નિવાસી અધિક કલેક્ટર ડો. બી. એસ. પ્રજાપતિ સહિતના ઉચ્ચ અધિકારીશ્રીઓહાજર રહ્યા હતા.

વીંછિયા તાલુકા પંચાયત કચેરી ખાતે મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાની અધ્યક્ષતામાં સંકલન-સમીક્ષા બેઠક યોજાઈ

ભારે વરસાદ વચ્ચે ભાદર નદીમાં તણાતી ગાયનો આબાદ બચાવ કરવા બદલ ટીમને રૂ. ૫૦૦૦ અને પ્રમાણપત્રથી સન્માન કરાઈ

કમલમ્ ન્યુઝ,રાજકોટ

રાજકોટ જિલ્લાના વીંછિયા તાલુકાની પંચાયત કચેરી ખાતે ગુજરાત સરકારના જળસંપત્તિ અને પાણી પુરવઠા, અગ્ર, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતોના મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાની અધ્યક્ષતામાં વિવિધ વિભાગોની વીંછિયા પંથકની કામગીરી અંગે સંકલન-સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં પ્રાંત અધિકારીશ્રી ગ્રીષ્માબેન રાઠવાની ઉપસ્થિતિમાં વીંછિયા તાલુકાના નાગરિકોને લાગતા પાણી, રસ્તા, આરોગ્ય, શિક્ષણ જેવી પ્રાથમિક સુવિધાને લગતા પ્રશ્નોની સમીક્ષા કરીને સકારાત્મક ઉકેલલાવવા માર્ગદર્શન આપ્યું હતું. તેમજ વિવિધ કચેરીઓને સંકલન કરીને ચાલુ વિકાસ કામો સમયમર્યાદામાં પૂર્ણ કરવા સૂચના આપી હતી. ઉલ્લેખનીય છે કે ગત દિવસોમાં આવેલી વરસાદી આફત વખતે વિંછીયા તાલુકાના ગોરૈયા ગામમાં ભાદર નદીના પ્રવાહ માં ગાય તણાઈ જતાં જસદણ નગરપાલિકાની ચીફફાયર ટીમને તાત્કાલિક બોલવવામાંઆવી હતી. ટીમના તરવૈયાઓએ સલામત સ્થળે ગાયનું સફળતાપૂર્વક રેસ્કયુ કરીનેઅબોલ પશુનોજીવ બચાવ્યો હતો. તેમજ રાજકોટ એનિમલ હેલ્પલાઈનના ડોક્ટરનીટીમદ્વારા ગાયની પ્રાથમિક સારવાર કરાઈ હતી. આથી, આ તકે વિંછીયા વહીવટી તંત્રે રાહત-બચાવની ટીમને ગાયનું રેસ્કયુ કરવાની પ્રશંસનીય કામગીરી કરવા બદલ રૂ. ૫૦૦૦ રોકડ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કર્યા હતા. આ બેઠકમાં પંચાયત, વીજ, આરોગ્ય, પાણી પુરવઠા સહિતના વિવિધ વિભાગોમાં અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિતરહ્યા હતા.

વડોદરામાં પૂર બાદ સ્થિતિની સમીક્ષા માટેગૃહ રાજ્યમંત્રી અને પ્રભારી મંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીએ બેઠક યોજી

શહેરને તાત્કાલિક સામાન્ય સ્થિતિમાં લાવવા મોડી રાતે વડોદરા દોડી આવેલા મંત્રી શ્રીએ સફાઈકાર્યનું જાત નિરીક્ષણ કર્યું

વડોદરાને જે જોઇએ તે બધું જ મળશે, ઝડપથી શહેર સામાન્ય સ્થિતિમાં આવે તે સર્વોચ્ચ પ્રાથમિકતા છેઃ ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઇ સંઘવી

કમલમ્ ન્યુઝ,વડોદરા

વડોદરા શહેર સત્વરે સામાન્ય સ્થિતિમાં આવે તેવા શુભ આશય અને લક્ષ્ય સાથે ગૃહ રાજ્યમંત્રીશ્રી અને વડોદરાના પ્રભારી મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી ગઈકાલે મોડી રાતે વડોદરા દોડી આવ્યા હતા. છેલ્લા બે દિવસમાં આ તેમની બીજી મુલાકાત વડોદરા શહેર માટે રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત કરે છે. શુક્રવારે મોડી રાતે વડોદરા દોડી આવેલા મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ શહેરના ચારેય ઝોનમાં તબક્કાવાર અધિકારીઓ અને પદાધિકારીઓ સાથે બેઠકોકારી હતી. આ બેઠકમાં તેમણે શહેરને તાત્કાલિક સામાન્ય સ્થિતિમાં લાવવા માટે અધિકારીઓ-પદાધિકારીઓને જરૂરી સૂચન કરી ચર્ચા કરી હતી. શુક્રવાર મોડી રાતથી શનિવારની વહેલી સવાર સુધી મંત્રી શ્રીએ ચારેય ઝોન માં બેઠકોના દોર ઉપરાંત અસરગ્રસ્તોસાથે મુલાકાત પણ કરી હતી.

શહેરમાં પૂરથી અસરગ્રસ્ત વિસ્તારોના પરિભ્રમણ દરમિયાન તેમણે તંત્રના સફાઈ અને આરોગ્ય સહિતવિવિધ કાર્યોનુંનિરીક્ષણ સહ સમીક્ષા કરી હતી. તેમજ સફાઈકર્મીઓસાથે સંવેદનાસભર સંવાદ કર્યો હતો. વડોદરાને જે જોઈએ છે, તે બધું જ મળશે તેમ કહી મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ કુદરતી આપત્તિનો મજબૂતાઈથી સામનો કરવા બદલ વડોદરાવાસીઓને વંદન કર્યા હતા. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વડોદરાના વિકાસ માટે રાજ્ય સરકાર વડોદરાની પડખે છે. આઉટર રિંગરોડ અને વિશ્વામિત્રી નદીના રિડેવલપમેન્ટ માટે સરકારે મંજૂરી આપીદીધી છે. આમ છતાં, જરૂર પડશેતોહજુ પણવધારેરકમ આપવા અને સહાય પહોંચાડવા માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. વડોદરા શહેર સામાન્ય સ્થિતિમાં આવે તે જ અમારી હાલની મુખ્ય પ્રાથમિકતા છે, તેમ કહી શ્રી સંઘવીએ લોકોને પારસ્પરિક સહયોગ વધારવા અને સફાઈકર્મીઓને ઝડપથી કામ પૂર્ણ કરવા માટે અપીલ કરી હતી. શહેરનાજે વિસ્તારોની મંત્રી શ્રીએ મુલાકાત લીધી તેમાં સયાજીગંજ, સમા,ભીમનાથબ્રિજ, માંજલપુર, ઓલ્ડ પાદરા રોડ, અકોટા, મુજમહુડા, વાઘોડીયા રોડ, સંગમ સહિતના વિસ્તારોનો સમાવેશ થાય છે, અહીંતેમણે સફાઈ કામગીરીનું જાત નિરીક્ષણ કરી અસરગ્રસ્તોનાં ક્ષેમકુશળ પૂછ્યા હતા તેમજ સંવેદનાસભર પૃચ્છા કરીહતી. શ્રી હર્ષભાઈ સંઘવીનીઆ મુલાકાતમાં તેમની સાથે વિધાનસભાના મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુક્લ, મેયર શ્રીમતી પિંકીબેન સોની, શહેરના ધારાસભ્યશ્રીઓ, સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી સહિતના પદાધિકારીઓ અને ઉચ્ચ અધિકારીઓ તેમની સાથે રહ્યા હતા.

તંત્રી સ્થાનોથી......

સેન્ટ્રલબ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશનના ગ્લોબલ ઓપરેશન્સ સેન્ટર દ્વારા ૧ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ યુએઈથી રેડ નોટીસ અંતર્ગત દિપકકુમાર ધીરજલાલ ઠક્કરને ભારત પરત લાવવા માટે ગુજરાત પોલીસ અને ઈન્ટરપોલ એનસીબી-અબુધાબી સાથે સંકલન કરવામાં આવ્યું છે. આરોપી ૨૫ માર્ચ, ૨૦૨૩ના રોજ માધવપુરા પોલીસ સ્ટેશન, અમદાવાદ, ગુજરાતમાં નોંધાયેલા ફોજદારી કેસમાં વોન્ટેડ છે, જે આંતરરાષ્ટ્રીય ગેરકાયદેસર ગુનાહિત જુગાર રેકેટનો કિંગપિન છે, જે વિશેષ સોફ્ટવેર એપ્લિકેશન્સના ઉપયોગ દ્વારા કાર્યરત છે અને ૨૨૭૩ કરોડ રૂપિયાથી વધુના ગુનાની આવકને વિખેરવા માટે હવાલા ચેનલોનો ઉપયોગ કરે છે. રેડ નોટિસના આધારે દિપકકુમાર ધીરજલાલ ઠક્કરને ગુજરાત દ્વારા ગુનાહિત વિશ્વાસઘાત, છેતરપિંડી, બનાવટી, ગુનાહિત કાવતરુ, પુરાવા ગાયબ કરવા અને ઈન્ફર્મેશન ટેકનોલોજી એક્ટ અને જુગાર નિવારણ અધિનિયમને લગતા ગુનાઓ માટે વોન્ટેડ છે. સીબીઆઈએ ગુજરાત પોલીસની અરજી પર ૧૫ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ ઈન્ટરપોલ જનરલ સેક્રેટરિએટ તરફથી આ વિષય સામે રેડ નોટિસ ફટકારી હતી. આરોપીઓના સ્થાન અને ધરપકડ માટે ઈન્ટરપોલના તમામ સભ્ય દેશોને રેડ નોટિસ મોકલવામાં આવી હતી. ઈન્ટરપોલ દ્વારા આ વિષય દુબઈમાં સ્થિત હતો. ગુજરાત પોલીસનું એક સુરક્ષા મિશન યુએઈની યાત્રા કરી હતી અને ૦૧.૦૯.૨૦૨૪ના રોજ ભારતને આધીન રેડ નોટિસ સાથે પરત ફર્યું હતું. સીબીઆઈ ભારતમાં ઈન્ટરપોલ માટે નેશનલ સેન્ટ્રલ બ્યુરો તરીકે ઈન્ટરપોલ ચેનલો મારફતે સહાય માટે ભારતની તમામ કાયદા અમલીકરણ એજન્સીઓ સાથે સંકલન સાધે છે.

રાકેશ વાળા

વરસાદી વિરામબાદ તાપી જિલ્લામાં કલેક્ટરશ્રી ડો.વિપિન ગર્ગના નેતૃત્વમાં સ્ટેટ હાઈવે અને પંચાયત હસ્તકના ક્ષતિગ્રસ્ત માર્ગોને દુરસ્ત કરવાની કામગીરી પૂરજોશમાં કરવામાં આવી રહી છે. માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) હસ્તકના વ્યારા તાલુકામાં ઉંચામાળા, ખોડતાલાવ, બેડકુવાદુર રોડને જોડતા સિઝર રોડની (વી.આર) મેટલ પેચવર્કની કામગીરી કરવામાં આવી છે, અન્ય ક્ષતિગ્રસ્ત માર્ગોના રીપેરીંગ કામો પણ હાલ પ્રગતિહેઠળ છે.

દેશને ફેમિલી ડૉક્ટરની નહીં, ફેમિલી ફાર્મરની જરૂર છે : શ્રી આચાર્ય દેવવ્રતજી

ગામનો રૂપિયો ગામમાં રહે અને શહેરનો રૂપિયો પણ ગામમાં આવશે ત્યારે ખેડૂત સમૃદ્ધ બનશે અને તે પ્રાકૃતિક ખેતીથી જ સંભવ છે

બિકાનેરની સ્વામી કેશવાનંદ રાજસ્થાન યુનિવર્સિટીમાં પ્રાકૃતિક કૃષિ પર રાષ્ટ્રીય સંગોષ્ઠિ

એસકેઆરએયૂ બીકાનેર અને ગુજરાતના પ્રાકૃતિક કૃષિ વિજ્ઞાન વિશ્વવિદ્યાલય વચ્ચે એમઓયૂ

કમલમ્ ન્યુઝ,

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, ગામનો ગામનો રૂપિયો ગામમાં રહે અને શહેરનો રૂપિયો પણ ગામમાં આવશે ત્યારે ખેડૂત સમૃદ્ધ બનશે, અને તે પ્રાકૃતિક ખેતીથી સંભવ બનશે. તેમણે કહ્યું કે, રાસાયણિક ખેતીએ ભારતની ધરતીને ઉજ્જડ બનાવી દીધી છે. આપણા દેશમાં આગામી દશ વર્ષમાં કેન્સરનો ભયંકર વિસ્ફોટ થશે. ઘરે-ઘરે બીપી-ડાયબીટીસના દર્દીઓ થઈ ગયા છે, માટે આપણે રાસાયણિક અને જૈવિક ખેતીની જગ્યાએ પ્રાકૃતિક કૃષિ અપનાવાની તાતી જરૂરીયાતછે. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ સ્વામી કેશવાનંદ રાજસ્થાન કૃષિ યુનિવર્સિટીમાં પ્રાકૃતિક કૃષિ પર ચાલી રહેલી બે-દિવસીય રાષ્ટ્રીય સંગોષ્ઠિના સમાપન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે સંબોધન કર્યું હતું. કાર્યક્રમમાં વિશેષ અતિથિ રાજસ્થાનના પૂર્વ કેબિનેટ મંત્રી દેવી સિંહ ભાટી અને ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિજ્ઞાન યુનિવર્સિટીના કુલપતિ ડૉ.સી.કે.ટિમ્બડીયા ઉપસ્થિત રહ્યા હતા. કુલપતિ ડૉ.અરુણ કુમારે કાર્યક્રમની અધ્યક્ષતા કરી હતી. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ રસાયણિક ખેતીની ગંભીરતાને જોતાં પ્રાકૃતિક ખેતીની દિશામાં પગલાં લેવા માટે સ્વામી કેશવાનંદ રાજસ્થાન કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. અરુણ કુમારને અભિનંદન આપ્યા. તેમણે યુનિવર્સિટીમાં પ્રાકૃતિક ખેતીનું ટ્રેનિંગ સેન્ટર બનાવવા માટે અનુરોધ કરતાં કહ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રાકૃતિક ખેતીને 'રાષ્ટ્રીય મિશન' બનાવી દીધું છે. તેમણે કહ્યું કે ૬૦ વર્ષ પહેલા દેશમાં ભૂખમરાની પરિસ્થિતિ હતી ત્યારે કૃષિવૈજ્ઞાનિક ડૉ. એમ.એસ. સ્વામીનાથને હરિત ક્રાંતિ લાવી, જે સમયની જરૂર હતી. હવે આપણે આત્મનિર્ભર થઈ ગયા છીએ. પરંતુ હવે હરિતક્રાંતિના નામ પર રસાયણિક ખાતરનો આંધાધૂંધ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે, જેને રોકવાની જરૂર છે. આજના સમયમાં હવા, પાણી, જમીન અને લોકોના સ્વાસ્થ્યને બચાવવાની જરૂર છે. તેમણે કહ્યું કે જ્યાં યૂરિયા, ડીએપીનો વધારે વપરાશ છે ત્યાં કેન્સરના દર્દીઓ વધુ છે અને અન્ય બીમારીઓ પણ વધારે છે. કૃષિ યુનિવર્સિટીઓમાં રાસાણિક ખેતી જ ભણાવવામાં આવી રહી છે જે ભારતની મૂળ વિદ્યા છે જ નહીં. વિદેશી પદ્ધિતને ઉધાર લઈને વિદ્યાર્થીઓને ભણાવવામાં આવી રહ્યા છે. દેશની ધરતીનો ઓર્ગેનિક કાર્બન ૨ થી ૨.૫ ટકા હતો જે રાસાયણિક ખેતીના લીધે ૦.૪, ૦.૩, ૦.૨ ટકા જ રહી ગયો છે. આપણે રાસાયણિક ખેતીથી દેશી અળસિયાને મારીને મહાપાપ કરી રહ્યા છીએ.

રાજ્યપાલશ્રીએ કહ્યું કે, ગયા વર્ષે ભારત સરકાર દ્વારા દેશમાં કરોડોનાં યુરિયા-ડીએપી આયાત કરવામાં આવ્યાં હતાં. આપણે ભારતનું ધન બહાર મોકલીને ઝેર ખરીદી રહ્યા છીએ. ધરતી આપણી માતા છે અને આપણને જીવનભર પાળે છે પરંતુ આપણે યુરિયા, ડીએપી અને રાસાયણિક ખાતરનો અંધાધૂંધ ઉપયોગ કરીને તેની ફળદ્રુપતા હણીનાખીછે. હવે ધરતીમાં તાકાત બચી નથી, પરંતુ પ્રાકૃતિક કૃષિ થકી એજ તાકાત ફરીથી મેળવી શકાય છે. પોતાનો અનુભવ વર્ણવતાં તેમણે કહ્યું કે, હરિયાણાના કુરુક્ષેત્રમાં પ્રાકૃતિક કૃષિ થકી તેમણે જમીનનો ઓર્ગેનિક કાર્બન ૦.૨, ૦.૩ થી વધારીને ૧.૭ સુધી લાવી દીધો છે. ગુજરાતમાં ૧૦ લાખ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે અને તે વધારીને આ વર્ષે ૨૦ લાખ કરવાનું લક્ષ્ય છે. રાજ્યપાલશ્રીએ જણાવ્યુ કે, જૈવિક ખેતી અને પ્રાકૃતિક કૃષિને એકજ ગણવાનો દુષ્પ્રચાર કરવામાં આવી રહ્યો છે. જયારે બંનેમાં જમીન-આકાશનો ફરક છે. જૈવિક ખેતીમાં ન ખર્ચ ઓછો થાય છે, ન મહેનત. ઉત્પાદન પણ વધતું નથી. એટલે જ જૈવિક ખેતીને ખેડૂતોએ સ્વીકારી નથી. આ પ્રસંગે વિશેષ અતિથિ પૂર્વ કેબિનેટ મંત્રી દેવી સિંહ ભાટીએ કહ્યું કે કૃષિ વિજ્ઞાનીઓ સારું કામ કરે જેથી ખેડૂતોને ફાયદો થાય. ગુજરાત પ્રાકૃતિક કૃષિવિજ્ઞાન યુનિવર્સિટીના કુલપતિ ડૉ.સી.કે.ટિમ્બડીયાએ કહ્યું કે, અમારી યુનિવર્સિટી દેશની પ્રથમ પ્રાકૃતિક કૃષિ યુનિવર્સિટી છે. હવે સ્વામી કેશવાનંદ રાજસ્થાન કૃષિ યુનિવર્સિટીએ પણ પ્રાકૃતિક ખેતીની દિશામાં પહેલ કરી છે. તેમણે કહ્યું કે, જ્યાં જ્યાં અમારી જરૂર પડશે, ત્યાં અમે મદદ માટે તૈયાર રહીશું. કુલપતિ ડૉ. અરુણ કુમારે દેશમાં પ્રાકૃતિક ખેતીની જરૂરિયાત વિશે સંબોધન કર્યું હતું.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર અસરગ્રસ્ત રાજ્યોને શક્ય તમામ મદદ પૂરી પાડવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે

ગુજરાતમાં વરસાદ અને પૂરને કારણે થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરવા માટે MHAએ આંતર-મંત્રાલય કેન્દ્રીય ટીમ (IMCT)ની રચના કરી

ઓગસ્ટ ૨૦૧૯માં કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહ દ્વારા લેવામાં આવેલા મહત્વના નિર્ણય મુજબ, MHA અસરગ્રસ્ત રાજ્યોના મેમોરેન્ડમની રાહ જોયા વિના, નુકસાનની સ્થળ પર જ આકારણી કરવા માટે અગાઉથી IMCT ની રચના કરે છે

કમલમ્ ન્યુઝ,

ગૃહ મંત્રાલયે ગુજરાતમાં વરસાદ અને પૂરને કારણે થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરવા માટે નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટ (એનઆઈડીએમ)ના એક્ઝિક્યુટિવ ડિરેક્ટરની આગેવાની હેઠળ એક ઈન્ટર-મિનિસ્ટિરિયલ સેન્ટ્રલ ટીમ (આઈએમસીટી)ની રચના કરી છે. આઈએમસીટી ટૂંક સમયમાં જ રાજ્યનાં પૂરગ્રસ્ત જિલ્લાઓની મુલાકાત લેશે. ૨૫-૩૦ ઓગસ્ટ દરમિયાન રાજસ્થાન અને ગુજરાત પર સર્જાયેલા ડીપ ડિપ્રેશનને કારણે ગુજરાત રાજ્યને ભારેથી અતિભારે વરસાદની ગંભીર અસર થઈ હતી. મધ્ય પ્રદેશ અને રાજસ્થાન રાજ્યોમાં પણ ભારેથી અતિભારે વરસાદની અસર થઈ હતી. વર્ષ દરમિયાન, હિમાચલપ્રદેશ રાજ્ય પણ ભારે વરસાદ, વાદળ ફાટવા અને ભૂસ્ખલનના વિવિધ ઝાપટાથી પ્રભાવિત થયું છે. ગૃહ મંત્રાલય આ રાજ્યોના વરિષ્ઠ અધિકારીઓ સાથે સંપર્કમાં છે, અને જો તેઓ દ્વારા ગંભીર નુકસાનની જાણ કરવામાં આવે તો તેઓ ત્યાં પણ આઈએમસીટીની નિયુક્તિ કરશે. વર્તમાન ચોમાસાની ઋતુ દરમિયાન, કેટલાક અન્ય રાજ્યો ભારે વરસાદ, પૂર, વાદળ ફાટવા, ભૂસ્ખલન વગેરેથી પ્રભાવિત થયા છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર અસરગ્રસ્ત રાજ્યોને શક્ય તમામ મદદ કરવા સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહે આ વર્ષ દરમિયાન ઓગસ્ટ, ૨૦૧૯માં લીધેલા મહત્ત્વપૂર્ણ નિર્ણય મુજબ ગૃહ મંત્રાલયે આઈએમસીટીની રચના કરી છે, જે પૂર/ભૂસ્ખલનથી અસરગ્રસ્ત રાજ્યો આસામ, કેરળ, મિઝોરમ અને ત્રિપુરાની અગાઉથી મુલાકાત લીધી છે, જેથી તેમનાં મેમોરેન્ડમની રાહ જોયા વિના નુકસાનની સ્થળ પર આકારણી કરી શકાય. નાગાલેન્ડ રાજ્ય માટે આઈએમસીટીની પણ રચના કરવામાં આવી છે, જે ટૂંક સમયમાં જ રાજ્યનાં અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લેશે. ભૂતકાળમાં, આઈએમસીટી રાજ્ય સરકાર તરફથી મેમોરેન્ડમ મળ્યા પછી જ આપત્તિગ્રસ્ત રાજ્યોની મુલાકાત લેતું હતું.

ભારે વરસાદ બાદ પશુઓમાં રોગચાળો ન ફેલાય તે માટે પશુપાલન વિભાગે રસીકરણ તેમજ સારવારની કામગીરી શરૂ કરી

૧૯૬૨ હેલ્પલાઇન ઉપર સંપર્ક કરવાથી પશુ સારવારની 'ઓન કોલ' સુવિધા ઉપલબ્ધ

કમલમ્ ન્યુઝ, ભુજ,

કચ્છ જિલ્લામાં ભારે વરસાદની પરિસ્થિતિ બાદ તેમજ પાણી ભરાવાના કારણે પશુઓના આરોગ્ય ઉપર વિપરિત અસર પડવાની સંભાવના રહેલી છે. પશુઓનું આરોગ્ય જળવાઈ રહે તે બાબતને પ્રાધાન્ય આપીને પશુપાલન શાખા કચ્છની ૨૩ ટીમો ફિલ્ડમાં ઊતારવામાં આવી છે. હાલની પરિસ્થિતિમાં મુજબ તેમજ પ્રભારીમંત્રી પ્રફૂલભાઈ પાનશેરિયા અને જિલ્લા કલેક્ટરશ્રી અમિત અરોરાની સૂચના મુજબ અન્ય જિલ્લામાંથી પણ ટીમો બોલાવવામાં આવી છે. બનાસકાંઠા અને પાટણ જિલ્લાની ૦૮ ટીમો કચ્છ પહોંચીને દિવસ રાત પશુઓના રસીકરણની અને સારવાર કામગીરી કરી રહીછે. આમ જિલ્લામાં કુલ ૩૧ ટીમો દ્વારા રસીકરણ, સારવારની તેમજ પશુ મૃત્યુ સર્વેક્ષણની કામગીરી હાથ ધરવામાં આવી છે. અતિભારે વરસાદના પગલે પશુપાલન વિભાગના નિયામકશ્રી ડૉ ફાલ્ગુનીબેન એસ.ઠાકરના માર્ગદર્શન હેઠળ સ્થાનિક વહીવટી તંત્રના સંકલનથી પશુપાલન શાખા, જિલ્લા પંચાયત- કચ્છના નાયબ પશુપાલન નિયામકશ્રી ડૉ. આર. ડી. પટેલની આગેવાનીમાં પશુ ડોક્ટર્સની ટીમો દ્વારા રસીકરણ, સારવારની તેમજ પશુ મૃત્યુ સર્વેક્ષણની કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. તાલુકા લાયઝન અધિકારીશ્રીઓની દેખરેખમાં પશુ ચિકિત્સા અધિકારીશ્રીઓ, પશુધન નિરીક્ષકશ્રીઓ તેમજ અન્ય સ્ટાફ સહિતની ૩૧ ટીમો દ્વારા પશુઓમાં રોગચાળો ન ફેલાય તેમજ પશુઓનું આરોગ્ય જળવાઈ રહે તે માટે તાલુકાનાં ગામોમાં પશુપાલકોની મુલાકાત લઈ સારવાર, રસીકરણ તેમજ જરૂરી માર્ગદર્શન આપવાની કામગીરી કરવામાં આવી રહી છે. વધુમાં અતિભારે વરસાદનાં કારણે પશુમરણની ઘટના બની હોય તો સંબંધિત તાલુકામાં જાણ કરવા માટે પશુપાલકો તેમજ નાગરિકોને

જણાવવામાં આવે છે. કચ્છમાં અત્યારસુધીમાં ૧૦,૪૫૧ પશુઓનું રસીકરણ, ૭,૨૯૭ પશુઓની સારવાર કરવામાં આવી છે. ભારે વરસાદની પરિસ્થિતિમાં જિલ્લામાં ૧૬૭ પશુ અને ૩૦૯૮ મરઘાઓનું મરણ થયું છે. આ ઉપરાંત ૧૯૬૨-ઈ સેવાના ૩૩ વાહન પશુઓની સારવાર માટે ૧૯૬૨ હેલ્પ લાઈન ઉપર સંપર્ક કરવાથી ઓન કોલ સારવારની સુવિધા માટે ઉપલબ્ધ છે. રસીકરણ, સારવારની તેમજ પશુ મૃત્યુ સર્વેક્ષણની તમામ કામગીરી નાયબ પશુપાલન નિયામકશ્રીની કચેરી, જિલ્લા પંચાયત, ભુજ-કચ્છ તેમજ તેમના તાબા હેઠળના પશુ દવાખાનાઓ, પ્રાથમિક પશુસારવાર કેન્દ્રો ખાતે હાથ ધરવામાં આવી રહી છે તેમ નાયબ પશુપાલન નિયામકશ્રી જિલ્લા પંચાયત, ભુજ-કચ્છ દ્વારા જણાવાયું છે.

ભારત સરકારના મહિલા અને બાળ કલ્યાણ વિકાસ વિભાગના મંત્રીશ્રીએ સેક્ટર- ૧૩ની આંગણવાડીની મુલાકાત લીધી

કેન્દ્રીય મંત્રીશ્રીએ આંગણવાડીમાં આંબાનું વૃક્ષ વાવીને પ્રધાનમંત્રીશ્રીના 'એક પેડ મા કે નામ' અભિયાનમાં સહભાગી બન્યા

આંગણવાડીની મુલાકાત દરમ્યાન કેન્દ્રીય મંત્રીશ્રી સાથે રાજયના મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રી ભાનુબેન બાબરિયા પણ જોડાયા

કમલમ્ ન્યુઝ,

ગાંધીનગર મહાનગર- પાલિકા વિસ્તારની સેક્ટર- ૧૩/૧ આંગણવાડીની મુલાકાત ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગના મંત્રી શ્રી અન્નપૂર્ણા દેવીએ લીધી હતી. આંગણવાડીમાં વૃક્ષારોપણ કરીને બાળકો સાથે વાતચીત કરી હતી. ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગના મંત્રી શ્રી અન્નપૂર્ણા દેવી ગુજરાત રાજયની મુલાકાતે છે. આજે તેમણે ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલી સેકટર- ૧૩/૧ આંગણવાડીની મુલાકાત લીધી હતી. આંગણવાડીમાં કેન્દ્રીય મંત્રીશ્રીનું ભુલકાઓ દ્વારા પુષ્પ ગુચ્છ આપીને ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યુ હતું. મુલાકાત દરમ્યાન તેમણે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા પર્યાવરણ બચાવવાના ઉમદાભાવ સાથે શરૂ કરેલ 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત આંગણવાડીમાં વૃક્ષારોપણ કર્યું હતું. કેન્દ્રીય મંત્રીશ્રીના હસ્તે આંગણવાડીમાં આંબાનું વૃક્ષ વાવવામાં આવ્યું હતું. તેની સાથે ઉપસ્થિત રાજયના મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરિયા, ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રીમતી મીરાબેન પટેલ, ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય શ્રી રીટાબેન પટેલ સહિત મહાનુભાવો દ્વારા આંગણવાડીના પ્રટાંગણમાં ફળ-ફળાદિ અને ઔષિધી વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યુંહતું. કેન્દ્રીય મંત્રીશ્રીએ 'એક પેડ મા કે નામ' અભિયાનના સેલ્ફી પોઈન્ટ ખાતે ઉભા રહીને ફોટો પણ લીધો હતો. કેન્દ્રીય મંત્રીશ્રીએ આંગણવાડીની મુલાકાત દરમ્યાન ભુલકાઓ સાથે વાતચીત કરીને તેમના જ્ઞાનની ચકાસણી કરી હતી. આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાના સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી ગૌરાંગ વ્યાસ, ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગના સચિવ શ્રી અનિલ મલિક અને ગાંધીનગર મહાનગરપાલિકાના કમિશનર શ્રી જે.એન.વાઘેલા પણ ઉપસ્થિત રહ્યા હતા.

વીજવિક્ષેપનું નિવારણ કરીને નાગરિકોના ઘર સુધી વીજળી પહોંચાડવા પીજીવીસીએલ દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી

ભાવનગર, બોટાદ, અમરેલી, જુનાગઢ સહિતના જિલ્લામાંથી ટીમો બોલાવીને રાત દિવસની કામગીરીનો ધમધમાટ

પીજીવીસીએલ દ્વારા ૭૦૦થી વધારે ગામમાં વીજ વિતરણ વ્યવસ્થા પુનઃસ્થાપિત કરાઈ

કચ્છમાં પીજીવીસીએલ દ્વારા ૧૧૫ ટીમને કામે લગાડીને યુદ્ધના ધોરણે વીજ પુરવઠાના પુનઃસ્થાપનની કામગીરી

કમલમ્ ન્યુઝ, ભુજ

કચ્છ જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસથી વરસાદી માહોલ અને ભારે પવનની પરિસ્થિતિની અસર વીજળી વિતરણ વ્યવસ્થા ઉપર થઈ છે. વીજ પોલ ધરાશાયી થવાના કારણે અને નીચાણવાળા વિસ્તારોમાં પાણીના ભરાવના લીધે વીજ વિતરણ વ્યવસ્થા ખોરવાઈ હતી. જોકે, ગઈકાલ સાંજથી વરસાદ બંધ થતા જ કચ્છ જિલ્લામાં પ્રભારીમંત્રીશ્રી પ્રફૂલભાઈ પાનશેરિયાના માર્ગદર્શન હેઠળ અને પીજીવીસીએલના મેનેજિંગ ડિરેક્ટર શ્રીમતિ પ્રીતિ શર્માની આગેવાની હેઠળ અન્ય જિલ્લાઓમાંથી પણ વધારાની ટીમો બોલાવીને કચ્છમાં યુદ્ધના ધોરણે વીજ વિતરણ વ્યવસ્થા પૂર્વવત્ કરવા કામગીરી થઈ રહી છે. કચ્છ જિલ્લામાં કુલ ૧૧૫થી વધારે ટીમો દિવસ રાત કામગીરી કરીરહીછે. ભાવનગર, અમરેલી, જુનાગઢ, મોરબી, બોટાદ, સુરેન્દ્રનગર, હિંમતનગર અને બનાસકાંઠામાંથી કચ્છની પરિસ્થિતિને ધ્યાને લઈને વીજ વિક્ષેપના નિવારણ હેતુ ૩૧ ટીમ બોલાવવામાં આવી છે. જે હાલમાં કચ્છ જિલ્લાની ૮૪ ટીમો સાથે મળીને દિવસ રાત કામગીરી કરી રહી છે. કચ્છ જિલ્લામાં ખાસ કરીને માંડવી, મુન્દ્રા, અબડાસા વિસ્તારમાં વીજપોલ ધરાશાયી થવાના કારણે વીજ વિક્ષેપ ઊભો થયો હતો. જો કે, પીજીવીસીએલ દ્વારા દિવસ રાત કામગીરી કરવામાં આવી રહી છે. વીજપોલને બદલવાની કામગીરી માટે ખાનગી કોન્ટ્રાક્ટર્સને કામે લગાડવવામાં આવ્યા છે. ઘણી બધી જગ્યાએ ફક્ત પાણી ભરાવની સ્થિતિના લીધે વીજવિક્ષેપ પડ્યો છે. નાગરિકોના ઈલેક્ટ્રોનિક ઉપકરણોને નુકશાન પહોંચે નહીં એવી રીતે યોગ્ય ટેક્નિકલ તપાસ બાદ એક પછી એક ફિડરની લાઈનોમાં વીજ વિતરણ વ્યવસ્થા શરૂ કરવામાં આવી રહી છે. પીજીવીસીએલની ટીમો મુખ્ય લાઈનના કામકાજ સાથે નાગરિકોની હાઉસહોલ્ડ ફરિયાદોને પણ એટેન્ડ કરીરહીછે. આમ, આગામી ૨૪ કલાકમાં કોઈપણ ઘર વીજળી વિનાનું રહે નહીં એવા લક્ષ્યાંક સાથે પીજીવીસીએલના કર્મયોગીઓ દિવસ રાત વીજ વિક્ષેપ નિવારણ અને મેન્ટેનન્સની કામગીરીમાં જોતરાયેલાછે. છેલ્લા ૨૪ કલાકમાં ૭૦૦થી વધારે ગામોમાં વીજળી સેવા પૂર્વવત્ કરવામાં આવી છે. જ્યારે ૧૨૫ જેટલા ગામમાં નાના-મોટા ફોલ્ટ, વીજપોલ ધરાશાયી, સબ સ્ટેશનમાં પાણીના ભરાવા અને ૬૬ કેવી સ્ટેશનમાં ફોલ્ટ જેવી સમસ્યાઓના લીધે વીજ વિક્ષેપ દૂર કરવાની કામગીરી યુદ્ધના ધોરણે ચાલુ છે. આ ઉપરાંત, વીજ મેન્ટેનન્સ માટે સાધન-સામાન પુરતા પ્રમાણમાં પીજીવીસીએલ પાસે ઉપલબ્ધ છે. ટ્રાન્સફોર્મર, વીજપોલ, વાયર સહિતની સામગ્રી અસરગ્રસ્ત તાલુકાઓ સુધી યુદ્ધના ધોરણે પહોંચાડવામાં આવી રહી છે.

ભારે વરસાદથી અસરગ્રસ્ત આમરણ મોરબીને જોડતા મહત્વના માર્ગ પર યુદ્ધના ધોરણે કરાઈ રહી છે સમારકામની કામગીરી

તાત્કાલિક ધોરણે કામગીરી હાથ ધરી ધોવાયેલ માર્ગ રીપેર કરી વાહન વ્યવહાર પુર્વવત કરી દેવાયો; તંત્રની સરાહનીય કામગીરી

કમલમ્ ન્યુઝ, મોરબી

ભારે વરસાદ બાદ સમગ્ર જિલ્લામાં યુદ્ધના ધોરણે રોડ રસ્તા સમારકામ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. માર્ગ અને મકાન પંચાયત, નેશનલ હાઈવે તેમજ નગરપાલિકાઓ દ્વારા રોડ રસ્તા સમારકામ કરવાની કામગીરી કરવામાં આવી રહી છે. ગુજરાત રાજ્યમાં વરસાદે આંશિક વિરામ લેતા જ રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા તમામ જિલ્લાઓમાં તાત્કાલિક ધોરણે રોડ રસ્તાઓનું સમારકામ થઈ જાય અને લોકોને કોઈ પણ મુશ્કેલી ન પડે તે માટે સૂચના આપવામાં આવી હતી. ત્યારે મોરબીમાં જિલ્લા કલેક્ટરશ્રી કે.બી. ઝવેરીના માર્ગદર્શન હેઠળ રસ્તાઓ રીપેર કરી વાહન વ્યવહાર તાત્કાલિક ધોરણે પૂર્વવત કરવાની કામગીરી કરવામાં આવી રહી છે. જે અન્વયે હાલ મોરબીના જીવાપર આમરણ રોડ પર રસ્તો રીપેર કરવાની કામગીરી કરવામાં આવી રહી છે. મોરબી થી આમરણ ને જોડતો મહત્વનો માર્ગ કેટલીક જગ્યાઓએ વરસાદી પાણીના ભારે પ્રવાહના કારણે ધોવાઈ જવા પામ્યો હતો. વરસાદ બંધ થતા જ તાત્કાલિક ધોરણે આ રસ્તો રીપેર કરવાની કામગીરી શરૂ કરી દેવામાં આવીછે. હાલ તમામ સ્થળોએ રોડ રીપેર કરી વાહન વ્યવહાર પૂર્વવત કરી દેવામાં આવ્યો છે. જેથી આ રોડ ઉપર અવરજવર માટે લોકોને સરળતા રહેશે.

લોકોની સલામતી અર્થે માળીયા પીપળીયા ચાર રસ્તા પરના મેજર બ્રિજની મરામત કામગીરી ચાલુ

કમલમ્ ન્યુઝ,મોરબી

ભારે વરસાદના કારણે મોરબી જિલ્લામાં અનેક જગ્યાઓએ રસ્તા ધોવાઈ ગયા હતા, પરંતુ વરસાદ આંશિક વિરામ લેતા જ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે પગલાં લઈ જિલ્લાના તમામ માર્ગો પર સમારકામ હાથ ધરી દેવામાં આવ્યું હતું. અત્યારે હાલ માળિયા પાસે મચ્છુ નદી પર ના બ્રિજનું સમારકામ કરવામાં આવી રહ્યુ છે. સમગ્ર ગુજરાત રાજ્યમાં પડેલ અનરાધાર વરસાદના પગલે જન જીવન ખોરવાઈ ગયું હતું, રોડ રસ્તાને નુકસાન થતા વાહન વ્યવહારને વ્યાપક પ્રમાણમાં અસર થઈ હતી. પરંતુ રાજ્ય સરકાર દ્વારા વરસાદ બાદ તાત્કાલિક અસરથી તમામ માર્ગો ચાલુ કરાવી વાહન વ્યવહાર પૂર્વવત થાય તે બાબત પર ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો. ત્યારે મોરબી જિલ્લામાં પણ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વરસાદે વિરામ લેતા જ તાબડતોડ માર્ગોનું સમારકામ ચાલુ કરી દેવામાં આવ્યું હતું. મોરબી જિલ્લામાં માળીયા થી પીપળીયા ચાર રસ્તા પર માળિયા પાસે મચ્છુ નદી પર મેજર બ્રિજ આવેલો છે. આ બ્રિજ ઘણો જુનો હોવાથી નદીના પાણી ઓસરતા જ તાત્કાલિક અસરથી આ બ્રિજનું ઈન્સ્પેક્શન કરી સમારકામ હાથ ધરી દેવામાં આવ્યું હતું. સામાન્ય વાહન વ્યવહારને અસર નથાય તે હેતુથી હાલ જે સીબીની મદદ થી બ્રિજની એક સાઈડમાં ઝડપી ધોરણે મરામત કામગીરી હાથ ધરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, બ્રિજનું ઈન્ફેક્શન તેમજ સમારકામ જરૂરી હોવાથી તાત્કાલિક ધોરણે જિલ્લા કલેકટરશ્રી કે.બી. ઝવેરી દ્વારા જાહેરનામું બહાર પાડી રોડના સમારકામ અર્થે ભારે વાહનોને આ બ્રિજ પરથી પસાર ન થવા અંગે જાહેરનામું બહાર પાડી દેવામાં આવ્યું છે. હાલ માર્ગ અને મકાન વિભાગ સ્ટેટ દ્વારા આ બ્રિજ પર સમારકામ કામગીરી હાથ ધરવામાં આવી છે.

અમદાવાદ જિલ્લાના મીરોલી ઔદ્યોગિક વિસ્તારમાં મચ્છરોના બ્રીડિંગ મળતા ૪ ફેકટરીઓ પાસેથી ૫૮ હજારનો દંડ વસૂલાયો

કમલમ્ ન્યુઝ,વિરમગામ

અમદાવાદ જિલ્લામાં મેલેરીયા અને ડેન્ગ્યુ વિરોધી ડ્રાઈવ અંતર્ગત કુલ ૩ વખત વિરમગામ સહિત સમગ્ર અમદાવાદ જિલ્લામાં સર્વેન્સલ કામગીરી હાથ ધરીને મચ્છરોના બ્રીડિંગ મળ્યા હતા તે જગ્યાના માલિકને નોટિસ ફટકારવામાં આવી હતી અને મચ્છરોના બ્રીડિંગનો આરોગ્ય કર્મચારીઓ દ્વારા સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. પરંતુ હવે જો ખાનગી માલિકીની જગ્યા પર આરોગ્ય કર્મચારીઓને મચ્છરોના બ્રીડિંગ મળશે તો મચ્છરોના બ્રીડિંગનો તો નાશ કરવામાં આવશે જ પરંતુ તેમને સ્થળ પર જ દંડ પણ ફટકારવામાં આવશે. જો તમારે દંડથી બચવું હોય તો અત્યારે જ તમારી માલિકીની જગ્યામાંથી મચ્છરોના ઉત્પત્તિ સ્થાનોને નાબૂદ કરશો અને સમયાંતરે પોરાનાશક કામગીરી કરીને મચ્છરોની ઉત્પત્તિ અટકાવશો. અમદાવાદ જિલ્લાના જિલ્લા વિકાસ અધિકારી વિદેહ ખરે, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.શૈલેષ પરમારના માર્ગદર્શન હેઠળ અમદાવાદ જિલ્લાના મીરોલી વિસ્તારની આસપાસના ઔદ્યોગિક વિસ્તારોમાં વાહક જન્ય રોગચાળા નિયંત્રણ અંતર્ગત સ્પેશિયલ ડ્રાઈવ યોજનામાં આવી હતી. જિલ્લા મેલેરિયા અધિકારી નરેન્દ્રસિંહ રાઠોડ, તાલુકા આરોગ્ય અધિકારી, અસલાલી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના તબીબી અધિકારી, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અસલાલીની ટીમ દ્વારા ઔદ્યોગિક વિસ્તાર તથા કન્સ્ટ્રક્શન સાઈટની મુલાકાત લેવામાં આવી હતી. જે સ્થાન પર મચ્છરોના બ્રેડિંગ જોવા મળ્યા તેઓને સ્થળ પર જ દંડ ફટકારવામાં આવ્યો હતો. ઈન્ડો એસ.એમ.સી પ્રા. લિ ને રૂ. ૨૧૦૦૦, માધુપુરા એગ્રો માર્કેટ ને રૂ.૧૧૦૦૦, લીસ્ટન એન્જિનિયરિંગ પ્રા. લિ ને રૂ.૨૧૦૦૦, અને ટા ફાર્માસ્યુટિકલ્સ પ્રા. લિ કંપની ને ૫૦૦૦ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો. અગાઉ અમદાવાદ જિલ્લામાં કુલ ૩ વખત ડ્રાઈવ કરી નોટિસો આપવા છતાં પણ મચ્છરોનું બ્રીડિંગ જોવા મળતા દંડની વસુલાત કરવામાં આવી હતી.

દંડ વસૂલાત એ કામગીરીનો વિકલ્પ નથી પરંતુ લોકોની માનસિકતા બદલાય અને ગુજરાત સરકારના ૨૦૩૦ માં મેલેરિયા મુક્ત ગુજરાતના અભિયાનમાં લોકો સહભાગી થાય એ ઉમદા આશયથી જ સમયાંતરે આવી ડ્રાઈવ યોજવામાં આવે છે તેમ જિલ્લા મેલેરિયા અધિકારી નરેન્દ્રસિંહ રાઠોડે સી.એમ.એમ ભારત સાથેની વાતચીતમાં જણાવ્યું હતું.

પંચનાથ મહાદેવના સાનિધ્યમાં દવા અને દુવા

શ્રધ્ધા સાથે નિઃશુલ્ક સેવા - ૧૫૦ વર્ષ જૂના મંદિરમાં શ્રાવણ માસના સોમવારે ઘીના શિવલિંગની પૂજા

દરરોજ ૧૫૦ થી વધુ ભૂદેવોને ભોજન, રાહત દરે સારવારની મલ્ટી સ્પે. હોસ્પિટલ, બાળકો માટે અંગ્રેજી શાળા સમગ્ર સેવાભાવ સાથે કરીએ છીએ - પ્રમુખ દેવાંગભાઈ માંકડ

કમલમ્ ન્યુઝ,રાજકોટ

આપણાં રાજકોટમાં વિવિધ પૌરાણિક મંદિરો આવેલા છે.જયાં હજારો શ્રધ્ધાળુ ધર્મપ્રેમી ભાવિકો પૂજન-અર્ચન- આરાધના કરે છે. આજથી ૧૫૦ વર્ષ પહેલાં બ્રિટિશ સરકારે મંદિર હેતુ માટે જમીન વિનામુલ્યે ભેટ આપતા અહીં પંચનાથ મહાદેવ મંદિર ૧૮૭૪ની સાલમાં નિર્માણ થયેલ હતુ. ૧૯૭૦ની આજુબાજુ મંદિરના ટ્રસ્ટ બનતા તેમાં સુધારા-વધારા કરવામાં આવ્યા અને આજે એ જગ્યા પર દવા અને દુવા સાથે વિશાળ મંદિર, ભૂદેવો અને જરૂરિયાતમંદ લોકો માટે ભોજન, રાહત દરે મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ અને બાળકો માટે અંગ્રેજી શાળા શરૂ કરવામાં આવી છે.

સેવા એ જ ધર્મ :

સમગ્ર સૌરાષ્ટ્રમાં થયેલી અતિવૃષ્ટિને પગલે દરેક સ્વૈચ્છિક સંસ્થા સેવા કરવા પહોંચી હતી. આ સમયે પંચનાથ મહાદેવ મંદિર તરફથી ગવલીવાડ, વિજય પ્લોટ, રામનાથપરા, ભવાની નગર, જેવા અસરગ્રસ્ત વિસ્તારોમાં તારીખ ૨૬ અને ૨૭ના રોજ વિનામૂલ્યે અન્ન પહોચાડવામાં આવ્યુ હતું. રાજકોટ પર આવી પડેલ સંકટ સમયમાં સતત ખડેપગે રહેલી સંસ્થાએ અંદાજિત ૩૦૦૦ લોકોને સવાર અને સાંજનું અન્ન પૂરું પાડ્યુ હતું. આ તકે પંચનાથ મહાદેવ સાર્વજનિક ટ્રસ્ટ અને શ્રી પંચનાથ મહાદેવ સાર્વજનિક મેડિકલ ટ્રસ્ટના પ્રમુખશ્રી દેવાંગભાઈ માંકડ કહે છે કે, રાજકોટની જાણીતી રાહત દરે ચાલતી પંચનાથ મલ્ટી સ્પેશયાલિટી હોસ્પિટલનો દરરોજ ૧૨૦૦ થી વધુ લોકો લાભ લઈ રહ્યા છે. એટલું જ નહિ પરંતુ કોઈ અણધાર્યો બનાવ બન્યો હોય, કોઈ કુદરતી આફત આવી હોય, ત્યારે પણ પંચનાથ ટ્રસ્ટ અને તેના કાર્યકર્તાઓ ખૂબ સક્રિય હોય છે. તાજેતરમાં થયેલી અતિવૃષ્ટિને પગલે પંચનાથ ટ્રસ્ટના કાર્યકર્તાઓએ જેમના ઘરમાં વરસાદના પાણી પહોંચી ગયા હતા તેમના સુધી ભોજન પહોચતું કર્યુ હતું. ઉપરાંત સર્વેશ્વર ચોકમાં જ્યારે પુલ તૂટવાનો બનાવ બન્યો હતો એ સમયે પણ જેટલા લોકોને ઈજા પહોંચી હતી તે તમામને વિનામૂલ્યે સારવાર આપવામાં આવી હતી. આવા અનેક સેવાકાર્યો પંચનાથ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવી રહ્યા છે અને હંમેશા લોકોની મદદ માટે તત્પર રહેશે. પંચનાથ મહાદેવના મંદિરમાં ફૂલેકા ઉત્સવ-ઘીની મહાપૂજા કૃષ્ણ જન્મોત્સવ, મહાશિવરાત્રી, રાંદલ માતાજીના લોટા, રામનવમી જેવા તમામ તહેવારોની ઉજવણી ધામધૂમથી કરવામાં આવે છે જેમાં હજારો શ્રધ્ધાળુ જોડાય છે. અને પ્રસાદનો લાભ લે છે. મંદિર ટ્રસ્ટ દ્વારા આધુનિક સુવિધાઓથી સજ્જ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલનું નિર્માણ કરવામાં આવ્યું છે. હોસ્પિટલમાં તમામ પ્રકારની દવાઓ અને રીપોર્ટ રાહત દરે આપવામાં આવે છે. જેમાં ખ્યાતનામ ડોક્ટરો પણ નિઃશુલ્ક સેવા આપે છે. ખૂબ મોટી સંખ્યામાં લોકો આ હોસ્પિટલનો લાભ લે છે. ઉપરાંત અહીં બ્લડ અને શુગરનો રિપોર્ટ માત્ર ૧૦ રૂપિયામાં થાય છે. હોસ્પિટલમાં દરેક રિપોર્ટ, એક્સરે, સોનોગ્રાફી સહિતનાં લેબોરેટરીનાં કામો રાહત દરથી કરવામાં આવે છે. મંદિરના પ્રાંગણમાં ધોરણ ૧ થી ૭ માટેની અંગ્રેજી માધ્યમની શાળા પણ ટ્રસ્ટ દ્વારા ચલાવવામાં આવી રહી છે. બાળકોને એ.સી. કલાસરૂમ, ડિજિટલ કલાસ અને વિવિધ એક્ટિવિટી પણ કરાવવામાં આવે છે. ઉપરાંત એક વર્ગખંડમાં બે શિક્ષકો દ્વારા બાળકોને શિક્ષણ આપવામાં આવે છે. આ સાથે ભોજન, પુસ્તકો, ગણવેશ સમગ્ર વસ્તુ સંસ્થા દ્વારા પૂરી પાડવામાં આવે છે. આ પંચનાથ મહાદેવ મંદિર છેલ્લા ૧૫૦ વર્ષથી લોકોનાં હૃદયમાં 'આસ્થા' ના કેન્દ્ર સમુ જોડાયેલ છે. અહીં શ્રાવણમાસની 'આરતી'નો મહિમા અનેરો છે. હજારો શ્રધ્ધાળુ અખુટ શ્રધ્ધા સાથે દેવોનો દેવ 'મહાદેવ'ના દર્શનાર્થે આવે છે અને ધન્યતા અનુભવે છે. ત્યારે મંદિરના ટ્રસ્ટીઓ દ્વારા પણ પ્રભુ સેવા સાથે જનસેવાને પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે.

હિંમતનગર તાલુકાના ખેડાવાડા ગામે ધારેશ્વર મહાદેવ ના મંદિરે પવિત્ર શ્રાવણ માસ ના શનીવાર ના રોજ ધારેશ્વર મહાદેવ મંદિર ના ટ્રસ્ટી શ્રી ઓના આમંત્રણ

કમલમ્ ન્યુઝ,

હિંમતનગર તાલુકાના ખેડાવાડા ગામે ધારેશ્વર મહાદેવ ના મંદિરે પવિત્ર શ્રાવણ માસ ના શનીવાર ના રોજ ધારેશ્વર મહાદેવ મંદિર ના ટ્રસ્ટી શ્રીઓના આમંત્રણ ને માન આપી હિંમતનગર તાલુકાના પૂર્વ ધારાસભ્ય શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા સાહેબ ઉપસ્થિત રહ્યા તેમા આજુ બાજુ ચાર ગામોમાં આગેવાનો વિનાયકભાઈ મહેતા ખેડાવાડા મહેતા પ્રદિપભાઈ.ખેડાવાડા પટેલ સુરેશભાઈ. લક્ષમીપુરા. ઝાલા બનવરસિંહ.પટેલ મણીભાઈ.ઝાલા જગતસિંહ.ખેડાવાડા.પટેલ મનહરભાઈ.જોરાપુર.પટેલ ભગાભાઈ જોરાપુર.પટેલ વિરચંદભાઈ.જોરાપુર પટેલ ઈશ્વરભાઈ.આનંદપુરા.પટેલ અંબુભાઈ. આનંદપુરા ચૌહાણ પોપટ સિહ.લક્ષમીપુરા.પટેલ રાજેશકુમાર.લક્ષમીપુરા ટ્રસ્ટી ઓ તથા આગેવાનો વનરાજસિંહ પરમાર પૂર્વ કારોબારી અધ્યક્ષ પ્રવીણસિંહ રહેવર પૂર્વ મહામંત્રી જીલ્લા પંચાયત ઉપપ્રમુખ લાલસિંહ ઝાલા જીલ્લા સદસ્ય સલમાબેના અંસારી ધિરેનભાઈ અંસારી કારોબારી અધ્યક્ષ દિલીપસિંહ મકવાણા તાલુકા પંચાયત સદસ્ય કુલદીપસિંહ રાઠોડ.જીતેન્દરસિહ ઝાલા.નરેશસિહ ડાભી . મધુબેન પરમાર.

હરીભાઈપટેલ.પુરવ તાલુકા સદસ્ય અભેસિંહ પરમાર.બરદેવસિહ રાઠોડ પ્રુથ્વીસિહ રાઠોડસિનીયર આગેવાન મુરભા ઝાલા રમણભાઈ ચમાર જીલ્લા સંગઠન મંત્રી કોદરસિહ પરમાર સરપંચ શ્રી રજુસિહ પરમાર પોલાજપુર વિષ્ણુસિહ ચોહાણ પૂર્વ ઉપપ્રમુખ તાલુકા પંચાયત હિંમતનગર પ્રવીણસિંહ ઉપ પ્રમુખ બક્ષી પંચ મોરચો હિંમતનગર પરમાર. કરણપુર જગતસિહ મકવાણા માનપુર નરેન્દ્રસિંહ પરમાર મહામંત્રી કિસાન મોરચો હિંમતનગર મહાદેવપુરા રણજીતસિંહ પરમાર ઉપ પ્રમુખ બક્ષીપંચ મોરચો હિંમતનગર ઢુંઢર સતીષભાઈ પ્રજાપતિ ગોભોઈ ઉત્પલસિંહ રાઠોડ સરપંચ રામપુર દેવુસિંહ ઝાલા સરપંચ મુનપુર રવિન્દ્રસિંહ પરમાર પ્રમુખ યુવા મોરચો હિંમતનગર વિનોદસિંહ ઝાલા ઉપ પ્રમુખ યુવા મોરચો સાબરકાંઠા દયાલસિંહ ઝાલા મંત્રી યુવા મોરચો હિંમતનગર તાલુકો મુકેશસિહ મકવાણા યુવા કાર્યકર હિંમતનગર તાલુકો રાજેન્દ્રસિંહ પરમાર પોલાજપુર દિલીપભાઈ પટેલ ભાદરડી સરપંચ કારુસિહ મકવાણા રાજુભાઈ પટેલ લક્ષમીપુરા અરજનપુરા વસંતભાઈ ભરવાડ ખાપરેટા મદનસિહ ઝાલા દેજરોટા જગતસિંહ પરમાર દેરોલ ડી.કે.ઝાલા દેધરોટા નવીનભાઈ જોષી લીખી રણજીતસિંહ ચૌહાણ લીખી કાન્તિભાઈ પટેલ મુનપુર બલવંતસિંહ ઝાલા કડોલી જયંતી ભાઈપટેલ કડોલી સરપંચ બલવંતસિંહ ઝાલા કડોલી હરેશભાઈ રાવલ ભાજપ કાર્યકર નરેન્દ્ર સિહ ઝાલા કડોલી અને ચાર ગામોના યુવાનો વડીલો ઉપસ્થિત રહી પૂર્વ ધારાસભ્ય શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા સાહેબ નું તથા આગેવાનો નુ સન્માન કરવામાં આવ્યુ

મોના અગ્રવાલે બ્રોન્ઝ જીત્યો!

પેરા શૂટિંગમાં એક રાઇઝિંગ સ્ટાર

કમલમ્ ન્યુઝ,પરિચય

મોના અગ્રવાલ એક એવું નામ છે જે પેરા શૂટિંગમાં શ્રેષ્ઠતાનો પર્યાય બની ગયું છે. તેમણે પેરાલિમ્પિક્સ ૨૦૨૪માં ઈર મહિલા ૧૦ મીટર એર રાઈફલ SH1 ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીતીને વૈશ્વિક રમતગમતના દ્રશ્ય પર પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું છે. મોનાની પ્રારંભિક જીવનના પડકારોને પહોંચી વળવાથી લઈને તેની રમતમાં નોંધપાત્ર સફળતા પ્રાપ્ત કરવા સુધીની યાત્રા તેની ધૈર્ય અને નિશ્ચયને પ્રતિબિંબિત કરે છે.

પ્રારંભિક જીવન અને શિક્ષણ

૮ નવેમ્બર, ૧૯૮૭ના રોજ રાજસ્થાનના સીકરમાં જન્મેલી, મોનાને જીવનની શરૂઆતમાં એક મહત્વપૂર્ણ પડકારનો સામનો કરવો પડ્યો હતો જ્યારે મોનાને માત્ર નવ મહિનાની ઉંમરે પોલિયો થયો હતો, જેના કારણે તેના બંને નીચલા અંગો પર અસર પડી હતી. તેમ છતાં તેમણે દ્રઢ નિશ્ચય સાથે પોતાનું શિક્ષણ યથાવત રાખ્યું, આર્ટ્સમાં ડિગ્રી પૂર્ણ કરી અને હાલમાં ડિસ્ટન્સ લર્નિંગ પ્રોગ્રામ દ્વારા મનોવિજ્ઞાનમાં માસ્ટરનો અભ્યાસ કરી રહી છે.

ધૈર્ય અને નિશ્ચયની યાત્રા

૨૩ વર્ષની ઉંમરે મોનાએ ઘર છોડીને સ્વતંત્ર જીવન જીવવાનો સાહસિક નિર્ણય લીધો હતો. મોનાએ એચઆર અને માર્કેટિંગની ભૂમિકાઓમાં ઉત્કૃષ્ટ કામગીરી ભજવી હતી અને માર્ગમાં આવતા અસંખ્ય શારીરિક પડકારોનો સામનો કર્યો હતો. ૨૦૧૬માં, તેણે તેનું ધ્યાન પેરા-એથ્લેટિક્સ પર કેન્દ્રિત કર્યું હતું, જ્યાં તેણે થ્રો ઈવેન્ટ્સમાં સ્ટેટમાં પ્રવેશ કર્યો હતો, અને ત્રણેય કેટેગરીમાં ગોલ્ડ જીત્યો હતો. તેણે સ્ટેટ-લેવલ પેરા પાવરલિફ્ટિંગમાં પણ ભાગ લીધો હતો અને અનેક ચંદ્રકો મેળવ્યા હતા.

ભારતમાં સિટિંગ વોલીબોલમાં અગ્રણી

મોના તેની એથ્લેટિક સિદ્ધિઓ ઉપરાંત ભારતમાં મહિલાઓ માટે સિટિંગ વોલીબોલમાં પણ અગ્રેસર રહી છે. કેપ્ટન તરીકે તેણે રાજસ્થાન સ્ટેટની ટીમને ૨૦૧૯માં મહિલાઓ માટેની પ્રથમ નેશનલ સિટિંગ વોલીબોલ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ અપાવ્યો હતો. જો કે તેની પસંદગી આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટ માટે કરવામાં આવી હતી, પરંતુ ગર્ભાવસ્થાને કારણે તે ભાગ લઈ શકી ન હતી.

રાઈફલ શૂટિંગ પસંદ કર્યુ

ડિસેમ્બર ૨૦૨૧માં, મોનાએ વ્યક્તિગત રમતમાં આગળ વધવાનું નક્કી કર્યું અને રાઈફલ શૂટિંગ પસંદ કર્યુ. તેની સ્વાભાવિક પ્રતિભા શરુઆતથી જ સ્પષ્ટ દેખાતી હતી, તેણે ૨૦૨૨માં નેશનલ સિલ્વર મેડલ જીત્યો. ૨૦૨૩ના મધ્ય સુધીમાં, મોનાએ તેના પ્રથમ આંતરરાષ્ટ્રીય વર્લ્ડ કપમાં મિક્સ ટીમ ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો અને ચોથી એશિયન પેરા ગેમ્સમાં છઠ્ઠા સ્થાને રહી હતી. મોનાની ધીરજનું ફળ તેની ચોથી આંતરરાષ્ટ્રીય ઈવેન્ટમાં મળ્યું, જ્યાં તેણે ગોલ્ડ મેડલ અને પેરાલિમ્પિક ક્વોટા મેળવ્યો અને નવો એશિયન રેકોર્ડ બનાવ્યો. આ નોંધપાત્ર સિદ્ધિએ વૈશ્વિક મંચ પર પેરા શૂટિંગમાં ટોચના દાવેદાર તરીકેની તેની સ્થિતિને મજબૂત બનાવી છે.

તાલીમ અને આધાર

મોના અગ્રવાલની પેરા શૂટિંગમાં સફળતા સુધીની સફરને ટેકો આપવામાં ભારત સરકારનો મહત્વનો ફાળો રહ્યો છે. મોનાને ખેલો ઈન્ડિયા યોજના અને નેશનલ સેન્ટર ઓફ એક્સલન્સ (એનસીઓઈ) પ્રોગ્રામ જેવી પહેલ દ્વારા તેની તાલીમ અને સ્પર્ધાની જરૂરિયાતો માટે આવશ્યક નાણાકીય સહાય મળી છે. આ કાર્યક્રમોએ તેમને નવી દિલ્હીની ડૉ. કરણી સિંઘ શૂટિંગ રેન્જમાં રહેવા-જમવાની અને રહેવાની વ્યવસ્થા સહિતની વૈશ્વિક કક્ષાની સગવડો ઉપલબ્ધ કરાવી છે અને સાથે સાથે રમતગમતનાં જરૂરી સાધનો અને એસેસરીઝ પણ ઉપલબ્ધ કરાવ્યાં છે. આ વ્યાપક સપોર્ટ સિસ્ટમ મોનાને તેની કુશળતાને વધારવામાં અને પેરાલિમ્પિક્સમાં ભારતનું પ્રતિનિધિત્વ કરવાના તેના સ્વપ્નને પ્રાપ્ત કરવામાં મદદ કરવા માટે નિર્ણાયક રહી છે.

નિષ્કર્ષ

મોના અગ્રવાલની આ સફર દ્રઢતા, દ્રઢ સંકલ્પ અને સફળતાની પ્રેરણાદાયી કહાની છે.જ્યારે તે પેરિસ ૨૦૨૪ પેરાલિમ્પિક્સમાં ભારતનું પ્રતિનિધિત્વ કરવાની તૈયારી કરી રહી છે, ત્યારે તેની સિદ્ધિઓ દરેક જગ્યાએ મહત્વાકાંક્ષી એથ્લેટ્સ માટે આશા અને પ્રેરણાની દીવાદાંડીનું કામ કરે છે.

ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંકે ૭મો સ્થાપના દિવસ ઉજવ્યો: નાણાકીય સર્વસમાવેશકતા પ્રત્યેની પ્રતિબદ્ધતાને મજબૂત કરી

કમલમ્ ન્યુઝ,

સમગ્ર દેશમાં નાણાકીય સર્વસમાવેશકતાને આગળ ધપાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવનાર ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક (આઈપીપીબી) આજે ગર્વભેર તેનો સાતમો સ્થાપના દિવસ (આઈપીપીબી દિવસ) ઉજવી રહ્યો છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા વર્ષ ૨૦૧૮માં દેશવ્યાપી શરૂ કરવામાં આવ્યાં પછી આઈપીપીબી સુવિધાથી વંચિત અને બેંકિંગ સુવિધાથી વંચિત પરિવારોને તેમનાં ઘરઆંગણે સુલભ, વાજબી અને ભરોસાપાત્ર ડિજિટલ બેંકિંગ સેવાઓ પ્રદાન કરીને ભારતનાં નાણાકીય પરિદ્રશ્યમાં પરિવર્તન લાવવામાં મોખરે છે. આઈપીપીબીએ છેલ્લાં સાત વર્ષ દરમિયાન ઈન્ડિયા પોસ્ટનાં ૧,૬૧,૦૦૦થી વધારે પોસ્ટલ કર્મચારીઓ અને ૧,૯૦,૦૦૦ પોસ્ટલ કર્મચારીઓનાં વિસ્તૃત નેટવર્કનો લાભ ઉઠાવવામાં નાણાકીય સર્વસમાવેશકતાનાં અંતરને દૂર કરવામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. આઈપીપીબીના નવીન અભિગમને કારણે દેશભરમાં, ખાસ કરીને ગ્રામીણ અને અંતરિયાળ વિસ્તારોમાં, લાખો લોકોને આવશ્યક બેંકિંગ સેવાઓ સુલભ થાય તે સુનિશ્ચિત થયું છે, જેથી દરેક પરિવારને ડોરસ્ટેપ ડિજિટલ બેંકિંગ સેવાઓ સાથે સશક્ત બનાવીને રાષ્ટ્રના સામાજિક-આર્થિક વિકાસમાં પ્રદાન કરવામાં આવશે.

ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક (આઈપીપીબી)ની મુખ્ય ઉપલબ્ધિઓ

- ૯.૮૮ કરોડથી વધુ ગ્રાહકોના ખાતાઓ હસ્તગત કર્યા.
- ૧૨ લાખથી વધુ વેપારીઓને ઓન-બોર્ડ કર્યા હતા.
- વિવિધ સરકારી યોજનાઓ હેઠળ લાભાર્થીઓને પ્રત્યક્ષ લાભ હસ્તાંતરણ (ડીબીટી)માં રૂ. ૪૫,૦ કરોડથી વધુનું સફળતાપૂર્વક વિતરણ કરવામાં આવ્યું.
- ૭.૧૦ કરોડથી વધુ ગ્રાહકો માટે આધારકાર્ડ માટે મોબાઈલ નંબર અપડેટ્સની સુવિધા.
- ૨૦ લાખથી વધુ પેન્શનરો માટે સક્ષમ ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ સેવાઓ.

સંચારમંત્રી શ્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ જણાવ્યું હતું કે, "આપણે ભારતના પછાત સમુદાયોને સશક્ત બનાવવાના સાત વર્ષની ઉજવણી કરી રહ્યા છીએ, ત્યારે આઈપીપીબીએ અત્યાર સુધીમાં જે પ્રભાવ પાડ્યો છે, તેના પર અમને ગર્વ છે. અમારું ધ્યેય હજુ પણ સ્થિર છે — ભારતમાં દરેક ઘરમાં, ખાસ કરીને પૂર્વોત્તર સહિત દેશના દૂરના ખૂણે ખૂણે, બૅંકિંગને સુલભ બનાવવાનું. અમે નવા જોમ અને નવીનતા સાથે નાણાકીય સર્વસમાવેશકતા તરફની અમારી યાત્રા ચાલુ રાખવા આતુર છીએ. પોતાના ૭માં સ્થાપના દિવસના પ્રસંગે આઈપીપીબી પોતાની પહોંચ વધારવાની અને પોતાના ગ્રાહકોની વિકસતી જરૂરિયાતોને પહોંચી વળવા માટે પોતાની સેવાની તકો વધારવાની પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરે છે. ડિજિટલ નવીનીકરણ પર ધ્યાન કેન્દ્રિત કરવાની સાથે આઈપીપીબીનો ઉદ્દેશ દરેક ભારતીય માટે બેંકિંગને વધારે સરળ બનાવવાનો છે, એ સુનિશ્ચિત કરવાનો છે કે નાણાકીય સર્વસમાવેશકતાની દિશામાં કોઈ પણ વ્યક્તિ પાછળ ન રહી જાય.

ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેંક વિશે:

ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક (આઈપીપીબી)ની સ્થાપના સંચાર મંત્રાલયના પોસ્ટ વિભાગ હેઠળ કરવામાં આવી છે, જેમાં ભારત સરકારની માલિકીની ૧૦૦ ટકા ઈક્વિટી છે. તેને ૦૧ સપ્ટેમ્બર ૨૦૧૮ના રોજ લોન્ચ કરવામાં આવી હતી. આ બેંકની સ્થાપના ભારતમાં સામાન્ય માનવી માટે સૌથી વધુ સુલભ, સસ્તી અને વિશ્વસનીય બેંકનું નિર્માણ કરવાના વિઝન સાથે કરવામાં આવી છે. ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંકની મૂળભૂત કામગીરી બેંકિંગની સુવિધાથી વંચિત અને વંચિતો માટે અવરોધો દૂર કરવાની અને ૧,૬૧,૦૦૦થી વધારે પોસ્ટલ ઓફિસ (ગ્રામીણ વિસ્તારોમાં ૧,૪૩,૦૦૦) અને ૧૯૦,૦૦૦થી વધારે પોસ્ટલ કર્મચારીઓ ધરાવતા પોસ્ટલ નેટવર્કનો લાભ ઉઠાવવા માટે છેલ્લા માઈલ સુધી પહોંચવાનો છે. આઈપીપીબીની પહોંચ અને તેનું ઓપરેટિંગ મોડલ ઈન્ડિયા સ્ટેકના મુખ્ય આધારસ્તંભો પર નિર્મિત છે - જે સીબીએસ-ઈન્ટિગ્રેટેડ સ્માર્ટફોન અને બાયોમેટ્રિક ઉપકરણ મારફતે ગ્રાહકોના ઘરઆંગણે સરળ અને સુરક્ષિત રીતે પેપરલેસ, કેશલેસ અને હાજરી-રહિત બેંકિંગને સક્ષમ બનાવે છે. કરકસરયુક્ત નવીનતાનો લાભ લઈને અને જનતા માટે બેંકિંગની સરળતા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરીને, તે ૧૩ ભાષાઓમાં ઉપલબ્ધ સાહજિક ઈન્ટરફેસ મારફતે સરળ અને સસ્તું બેંકિંગ સોલ્યુશન્સ પ્રદાન કરે છે. તે ઓછી રોકડ અર્થવ્યવસ્થાને વેગ આપવા અને ડિજિટલ ઈન્ડિયાના દ્રષ્ટિકોણમાં ફાળો આપવા માટે પ્રતિબદ્ધ છે. ભારત સમૃદ્ધ થશે જ્યારે દરેક નાગરિકને નાણાકીય રીતે સુરક્ષિત અને સશક્ત બનવાની સમાન તક મળશે. અમારો મુદ્રાલેખ સાચો છે - દરેક ગ્રાહક મહત્વપૂર્ણ છે, દરેક વ્યવહાર નોંધપાત્ર છે અને દરેક થાપણ મૂલ્યવાન છે.



કમલમ્ ન્યુઝ,

ભારે વરસાદ ને ઉભી થયેલ પરિસ્થિતિને લઈ સાંસદ શ્રી મિતેષભાઈ પટેલ, સોજીત્રાના ધારાસભ્યશ્રી વિપુલભાઈ પટેલ એ સોજીત્રા વિધાનસભાના ચાંગડા, કાનાવાળા, નભોઈ, રિંઝા, ખડા, મોટાકલોદરા, ઝફરગંજ ,મીલરામપુરા જેવા વિવિધ ગામોની મુલાકાત લીધી સાથે ધરાશાયી થયેલ મકાન અંગે નિરીક્ષણ કરી સહાય કીટ અર્પણ કરી સરકાર માંથી યોગ્ય વળતર અપાવવા ખાત્રી આપી. આ અવસરે તારાપુર તાલુકા પ્રમુખ શ્રી પ્રવિણભાઈ, એપીએમસીના ચેરમેન શ્રી બટુકસિંહ, તાલુકા પંચાયત પ્રમુખ શ્રી શિલ્પાબેન, જિલ્લા ઉપપ્રમુખ શ્રી ભગવતસિંહ, તાલુકા ઉપપ્રમુખ શ્રી મફતભાઈ રાઠોડ ઉપસ્થિત રહ્યા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગુજરાત કૃષિ વિજ્ઞાાન મંડળ દ્વારા 'અમૃતકાળમાં કૃષિ પેદાશોની પ્રક્રિયા અને મૂલ્યવર્ધન' અંગે સેમિનાર યોજાયો

વડાપ્રધાનશ્રીના 'બેક ટુ બેઝિક' મંત્ર થકી વિકસિત ગુજરાતથી વિકસિત ભારત સાકાર કરીશું: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

કૃષિક્ષેત્રે વિશેષ અભ્યાસ, સંશોધન અને પ્રયોગોમાં વિશિષ્ટ યોગદાન બદલ ખેડૂતો, વૈજ્ઞાનિકો અને વિદ્યાર્થીઓનું મુખ્યમંત્રીશ્રીના હસ્તે સન્માન કરાયું

કમલમ્ ન્યુઝ,

મુખ્યમંત્રી શ્રીભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈમોદીએ 'બેક ટુ બેઝિક' મંત્ર આપીને દેશના વિકાસને નવી દિશા આપી છે. આ દિશામાં જ આગળ વધીને આપણે વિકસિત ગુજરાતથી વિકસિતભારત સાકાર કરવાનું છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ શાંતિપુરા, અમદાવાદ ખાતે ગુજરાત કૃષિ વિજ્ઞાન મંડળ દ્વારા આયોજિત 'અમૃતકાળમાં કૃષિ પેદાશોની પ્રક્રિયાઅને મૂલ્યવર્ધન' અંગેના સેમિનારમાં અધ્યક્ષસ્થાનેથીસંબોધન કરી રહ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએજણાવ્યું હતું કે, હાલના સમયમાં જમીનના સ્વાસ્થ્ય અનેતેનાપોષકતત્વોઉપર રાસાયણિક ખાતરોઅને જંતુનાશક દવાઓ દ્વારા થતી વિપરીત અસરોના પરિણામે જમીન તેના કુદરતીપોષકતત્વો ગુમાવીરહી છે. આ સમસ્યાના સમાધાન અંગે તેમણે કહ્યું હતું કે, ભાવિ પેઢીને પોષણયુક્ત આહાર આપવા માટે સારી ગુણવત્તાવાળો પાક પેદા કરી શકે તેવી પોષક તત્વોથી ભરપૂર જમીન ખૂબ જરૂરી છે. તેમણે જમીનના પોષણને સુધારવાના ઉપાય તરીકે ગાય આધારિત પ્રાકૃતિક ખેતીને ઉત્તમ સમાધાન ગણાવ્યું હતું. આ તકે તેમણે ખેડૂતોને ગાય આધારિત પ્રાકૃતિક કૃષિઅપનાવવા અનુરોધકર્યો હતો. ઉત્તમ જમીન સ્વાસ્થ્યની સાથે ખેડૂતોને સારીઆવક મળીરહે તેનું સમાધાન પણ પ્રાકૃતિક ખેતીમાં નિહિત છે તેમ પણ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગ્લોબલ વોર્મિંગના પડકારોને પહોંચી વળવાના 'બેક ટુ બેઝિક'નો મંત્રઆપ્યો છે. આ મંત્ર અંતર્ગત અનેક ઉપાયોનો અમલ કરીને વિકાસનો નવો રાહ ચિંધ્યો છે. આદિકાળથી ઊર્જાના સ્રોત સૂર્યનો ઉપયોગ કરીને ગ્રીન ઊર્જા મેળવવામાટે તેમણે 'ગ્રીન ગ્રોથ'ની સંકલ્પનાઆપીછે. એટલુંજ નહિ, જળસંચય માટે દરેક જિલ્લાઓમાં અમૃત સરોવરોના નિર્માણથી જળસ્તર ઊંચા લાવવાની પ્રેરણા પણ વડાપ્રધાનશ્રીએ આપી છે. 'એક પેડમા કે નામ' અભિયાનનો

ઉલ્લેખ કરીને મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતુંકે, વડાપ્રધાનશ્રી દ્વારા દેશવ્યાપી શરૂ કરાયેલું આ અભિયાન પણ ગ્લોબલ વોર્મિંગમાંથી બહાર નીકળવાનોજ એક પ્રયાસછે. દરેક વ્યક્તિ એક વૃક્ષ વાવી, ઉછેરી અને માવજત કરશે

તો એ જ વૃક્ષ આપણને ગ્લોબલ વોર્મિંગમાંથી તારશે એમ સ્પષ્ટપણે જણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ ભાવિ પેઢી માટે પોષણયુક્ત આહાર સુનિશ્ચિત કરવા સકારાત્મક અભિગમ અને સહિયારા પ્રયાસોથી ગાય આધારિત પ્રાકૃતિકખેતી અપનાવવા પર ભાર મૂક્યો હતો. આ ઉપરાંત તેમણે આ સેમિનારમાં ઉપસ્થિત તમામ કૃષિ યુનિવર્સિટીઓના ઉપકુલપતિઓને પ્રાકૃતિકખેતીઅંગે વધુ ગહન સંશોધનને વેગ આપવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત કૃષિ વિજ્ઞાન મંડળના ખજાનચી ડૉ. કે. જી. મહેતાને લાઈફટાઈમ એચિવમેન્ટ એવોર્ડ અર્પણ કરી સન્માનિત કર્યા હતા. તદુપરાંત કૃષિક્ષેત્રે વિશેષઅભ્યાસ, સંશોધન અને પ્રયોગોમાં વિશિષ્ટ યોગદાન બદલ ખેડૂતો, વૈજ્ઞાનિકો અને વિદ્યાર્થીઓનું પણ મુખ્યમંત્રીશ્રીના હસ્તે સન્માન કરવામાંઆવ્યું હતું. આ અવસરે કૃષિ વિજ્ઞાન મંડળના પ્રમુખ શ્રી એ. આર. પાઠક, સરદારધામના પ્રમુખ સેવક શ્રી ગગજીભાઈ સુતરિયા, બંસી ગૌશાળાના સંચાલક શ્રી ગોપાલભાઈ સુતરિયા, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ શ્રી વી.પી.ચોવટીયા, કામધેનુ યુનિવર્સિટીના કુલપતિ શ્રી એન. એમ. કેલાવાલા, નેચરલ ફાર્મિંગ યુનિવર્સિટી-આણંદના કુલપતિ શ્રી સી. કે. ટીંબડિયા તેમજ રાજ્યભરના કૃષિવિજ્ઞાન મંડળના હોદ્દેદારો, સભ્યો અનેખેડૂતો હાજર રહ્યાહતા.

કમલમ્ ન્યુઝ,

સંતરામપુર આદીવાસી આર્ટસ & કોમર્સ કોલેજ ખાતે વિસ્તારના ધારાસભ્ય અને ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી શ્રી કુબેરભાઈ ડિંડોર સાહેબે કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી સંગઠનના પ્રમુખ તરીકે આદર્શ અને વંદનીય ગુરુજનો સાથેકોલેજના ઓક્ટોબર માસમાં દ્રછછઝ દિલ્હીથી આવનાર કમિટી દ્વારાસર્વાંગીવિકાસનું મૂલ્યાંકન કરવા માટે વિદ્યાર્થીઓ, માતાપિતા - વાલીઓ તેમજ ભૂતપૂર્વ વિદ્યાર્થીના સ્નેહમિલન સમારોહમાં ઉપસ્થિત રહેવાનો અવસર પ્રાપ્ત થયો. વિદ્યાર્થી જીવનના સંસ્મરણો વાગોળતા ભૂતપૂર્વ વિદ્યાર્થી તરીકે સૌ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન કરી તેમના ઉજ્જ્વળ ભવિષ્ય અને કારકિર્દીમાં ઉત્તરોત્તર પ્રગતિ કરે એવી શુભકામનાઓ પાઠવી. આ તકેકોલેજના આચાર્યશ્રીઅભય ભાઈ પરમાર, નીતિનભાઇ પંડ્યા, ડૉ શંકરભાઈ પ્રજાપતિ, કોલેજના પ્રોફેસરશ્રીઓ, વાલીઓ, ભૂતપૂર્વવિદ્યાર્થીઓ તેમજ કોલેજના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કમલમ્ ન્યુઝ,

સંતરામપુર પ્રતાપપુરાસ્થિત ભાજપકાર્યાલય ખાતેવિસ્તારના કર્મઠ ધારાસભ્ય અને ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોર સાહેબે મતવિસ્તારના નાગરિકો તેમજ કાર્યકર્તાઓ સાથે મુલાકાત કરી, તેમના પ્રશ્નો અને રજૂઆતો સાંભળી, ત્વરિત નિકાલઅર્થે સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનો કર્યા.

કચ્છ જીલ્લા ભાજપની અતિવૃષ્ટિમાં નેત્રાદિપક કામગીરી

પ્રભારી મંત્રી પ્રફુલ્લભાઈ પાનસેરીયાએ કચ્છમાં રાહત પુનઃવસન કામગીરી વેગવંતી બનાવી

કમલમ્ ન્યુઝ,

કચ્છ અને કુદરતી આપદાઓ જાણે કે એકબીજા સાથેવણાઈ ચુકી છે એમકુદરત સતત કચ્છનાલલાટે એક પછી એક આપત્તિઓ લખતું જાય છે. હજી તો બિપોરજોયના વિનાશક વાવાઝોડાની પહેલીવર્ષી માંડ વળી છે ત્યારે ફરી એક વખત લો પ્રેસર અને ડીપ ડિપ્રેશનના પરિણામે છેલ્લા ૬ દિવસથી સમગ્ર કચ્છમાં ખાસ કરીને કાંઠાળ વિસ્તારમાં અનરાધાર વરસાદ વરસી રહ્યો હતો જેના થકી પુરની ગંભીર પરિસ્થિતિનું નિર્માણ થવા પામ્યું હતું. કચ્છ જીલ્લા ભારતીય જનતા પાર્ટીએ સદૈવની માફક પાર્ટીની સેવા અને સહકારની ઉજળી પરંપરા જાળવી રાખતા તાજેતરમાં નિર્માણ પામેલી અતિવૃષ્ટિની ભયંકર પરિસ્થિતિમાં પ્રભારી મંત્રી પ્રફુલ્લભાઈ પાનસેરિયા, પ્રદેશ ભાજપ મહામંત્રી અને સાંસદ વિનોદભાઈ ચાવડાઅને કચ્છજીલ્લા ભાજપઅધ્યક્ષ દેવજીભાઈ વરચંદના નેતૃત્વ હેઠળ સમગ્ર કચ્છ જીલ્લા ભાજપ પરિવાર આ આફતની ઘડીમાં અવિરતપણે લોકોની પડખે ઉભા રહ્યા હતા. પ્રભારી મંત્રી પ્રફુલ્લભાઈ પાનસેરીયા આ વિપત્તીની વેળાએ ખાસ કચ્છ દોડી આવ્યા હતા અને રાહત અને બચાવકાર્યને તમામ સ્તરે વેગવંતુ બનાવ્યુંહતું. શ્રીપાનસેરીયાએ સૌપ્રથમ ભારે પુરના કારણે અત્યંત ક્ષતિગ્રસ્ત એવા કચ્છની ધોરીનસ સમા માળીયાહાઈવેને ફક્ત ૨૪ કલાકની અંદર જ પુનઃ કાર્યરત કરીને સમગ્રયાતાયાતને પૂર્વવત કર્યોહતો. ત્યારબાદ કચ્છ ખાતે સાંસદ વિનોદભાઈ ચાવડા, ધારાસભ્યો, જીલ્લા ભાજપ અધ્યક્ષ દેવજીભાઈ વરચંદ તેમજ કલેકટર સહિતના ઉચ્ચ અધિકારીઓ સાથેએક તાકીદની બેઠકનું આયોજન કરીને સમગ્ર સ્થિતિનો તકાજો મેળવ્યો હતો. ત્યાર બાદ પ્રભારી મંત્રીશ્રીએ તાત્કાલિક અસરથી સર્વે કરાવીને ૩૫૫ જેટલી ગર્ભવતી બહેનોને વહેલામાં વહેલીતકે નજીકનાસીએચસી પીએચસીસેન્ટર ખાતે ખસેડી હતી જેમાંથી ૨૨૬ જેટલી બહેનોનીપૂર અને વાવાઝોડા જેવી ગંભીર પરિસ્થિતિ વચ્ચે ડીલીવરી કરાઈ હતી. પૂર ઓસરતા સાપ, વીંછી જેવા જીવજંતુઓ ડંસવાના બનાવો સામે રક્ષણ માટે આરોગ્ય કેંદ્રો ખાતે પ્રતિરોધક દવાઓનું તાત્કાલિક અસરથી વિતરણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પ્રભારી મંત્રીશ્રીએ માંડવી અને અબડાસાના પૂરગ્રસ્ત વિસ્તારોની જાત મુલાકાત લઈને સ્થાનિક પરિસ્થિતિનો અંદાજો મેળવીને ત્વરિતભેર સલામત સ્થળેસ્થળાંતર તેમજ તમામ આશ્રય સ્થાનોપર ફૂડ પેકેટ સહિતની સવલતોપહોંચાડવા માટેવ્યાયામ આદર્યોહતો. કચ્છ અનેકચ્છ બહારથીપીજીવીસીએલની જુદીજુદી ૪૦ જેટલીટુકડીઓ ઉતારીને યુદ્ધના ધોરણેવીજ પુરવઠો રાબેતા મુજબ કરવા માટેશ્રી પાનસેરીયાદ્વારા એક્શન પ્લાન ઘડીકાઢવામાં આવ્યોહતો. તમામરોડ રસ્તાઓ પણ વહેલામાંવહેલી તકે ચાલુ કરાવીનેપુર ઓસર્યા બાદ ગ્રામ્ય વિસ્તારોમાંસ્વચ્છતા ઝુંબેશ ઉપાડવા માટે સંબંધિત અધિકારીઓને પણ તેમના દ્વારા તાકીદ કરવામાં આવી હતી. વધુમાં પ્રભારી મંત્રી શ્રી પાનસેરીયા દ્વારા પશુ મૃત્યુ અને કેશ ડોલ સર્વેનો આજથી જ આરંભ થાય તેવી સ્થાનિક વહીવટી તંત્રને સુચના આપવામાં આવી હતી. એસટી વિભાગના અધિકારીઓ સાથે પણ વિચાર વિમર્શ કરીને કચ્છના અંતરિયાળ વિસ્તારોમાંએસટીની સેવાર ૪ કલાકમાં ચાલુ કરી દેવામાટે સૂચનાઆપવામાં આવીહતી. એ જ રીતે પ્રદેશ ભાજપ મહામંત્રી અને સાંસદ વિનોદભાઈ ચાવડા દ્વારા કલેકટરશ્રી કચ્છ સાથે મળીને ભારેથી અતિભારે વરસાદ તેમજ આસના વાવાઝોડાથી ઉભા થનાર સંભવિત તમામ જોખમો સામે પહોંચી વળીને લોકોને પાણી, વીજળી, રોડ રસ્તા, આરોગ્ય સેવાઓ જેવી આનુષંગિક સેવાઓ બાબતે કોઈ પણ પ્રકારની તકલિફ ન પડેઅને જરૂરીયાત મંદ લોકોને તંત્રદ્વારા હર સંભવ મદદમળી રહે તેહેતુસર ખાસ પરામર્શ કરવામાં આવ્યો હતો. સાંસદશ્રી દ્વારા જિલ્લાભરના ભિન્ન ભિન્ન વિભાગોના વિવિધ અધિકારીઓ સાથેશ્રેણીબદ્ધ બેઠકોના માધ્યમથી પૂર અને વાવાઝોડાની પરિસ્થિતિ સામે ઝીરો કેઝ્યુઆલિટી અને લઘુતમ નુકસાનીના સંકલ્પ સાથે પ્રસંસનીય પુરુષાર્થ આદરવામાં આવ્યો હતો. વધુમાં શ્રી ચાવડા દ્વારા માળીયા થી મુરંચબાણ વાયા માંડવી સમગ્ર જિલ્લાનો પ્રવાસ કરીને સ્થાનિક ધારાસભ્યો સહિત ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ અને સંગઠનના કાર્યકર્તાઓ તેમજ વહીવટી તંત્રને સાથેરાખીને તમામ પ્રકારની પરિસ્થિતિને પહોંચી વળવા માટે કમર કસવામાં આવી હતી. અનેક ગામોના સરપંચો કે સ્થાનિક અગ્રણીઓ સાથે રૂબરૂ કે ટેલિફોનિક વાતચીતના માધ્યમથી જે તે ગામની સ્થાનિક પરિસ્થિતિનો ક્યાસ કાઢીને શ્રી ચાવડા દ્વારા તત્ક્ષણ અસરકારક પગલાં ભરવામાં આવ્યા હતા. જિલ્લા ભાજપ અધ્યક્ષ દેવજીભાઈ વરચંદ દ્વારા પણ જિલ્લાના પ્રવાસ યોજીને સ્થાનિય ભાજપ સંગઠન તેમજ ધારાસભ્યો સહીત સ્થાનિક સ્વરાજ્યના પદાધિકારીઓને સાથે રાખીને ગ્રાઉન્ડ ઝીરો પરિસ્થિતિની રજેરજની માહિતી મેળવી હતી. શ્રી વરચંદના નેતૃત્વ હેઠળ જિલ્લા ભાજપ સંગઠનના વિવિધમંડળોએ ફૂડપેકટ વિતરણ સહિતની કામગીરી હાથ ધર્યા ઉપરાંત સમગ્ર જીલ્લા ભાજપ સંગઠને વહીવટી તંત્ર સાથે સુચારુ સંકલન સાધીને ખૂટતી તમામ કડીઓપૂરી કરવામાટે ખભેખભા મિલાવીને પુરુષાર્થઆદર્યોહતો. આઉપરાંત શ્રીવરચંદના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ લોકોની આપાતકાલીન જરૂરિયાતોને વાચા આપવા અને તેના ત્વરિત નિરાકરણ માટેકચ્છ જિલ્લાભાજપ દ્વારાએક જિલ્લા કક્ષાની હેલ્પલાઈન સેવા પણ ચાલુ કરવામાં આવી હતી તેમજ આ ઉપરાંત તમામ સત્તર મંડલો ખાતે પણ મંડલ સ્તરની હેલ્પલાઈન સેવાકાર્યરત કરવામાં આવી હતી.

આ ઉપરાંત જિલ્લા પંચાયતઅધ્યક્ષ જનકસિંહ જાડેજા, ધારાસભ્યો કેશુભાઈ પટેલ, વીરેન્દ્રસિંહ જાડેજા, પ્રદ્યુમનસિંહ જાડેજા, માલતીબેન મહેશ્વરી, અનિરુદ્ધભાઈ દવે, ત્રિકમભાઈ છાંગા, જિલ્લા ભાજપ મહામંત્રીઓદિલીપભાઈ શાહ નરેન્દ્રભાઈ પ્રજાપતિ તેમજ ધવલભાઈ આચાર્ય સહીત જીલ્લા ભાજપના સર્વેહોદેદારો, અગ્રણીઓતેમજ કાર્યકર્તાઓપણ આ સેવાયજ્ઞમાં શ્રેષ્ઠતમ રીતે સહભાગી બન્યા હોવાનું કચ્છ જિલ્લા ભાજપ મીડિયા ઈન્ચાર્જ સાત્વિકદાન ગઢવીની યાદીમાંજણાવાયું હતું.

સીસીપીએએ શંકર આઈએએસ એકેડેમી સામે તાત્કાલિક અસરથી ગેરમાર્ગે દોરતી જાહેરાત બંધ કરવા આદેશ જારી કર્યો

સેન્ટ્રલ કન્ઝ્યુમર પ્રોટેક્શન ઓથોરિટી (સીસીપીએ) એ યુપીએસસી સિવિલ સર્વિસ પરીક્ષા ૨૦૨૨ના પરિણામ અંગે ગેરમાર્ગે દોરતા દાવાઓની જાહેરાત કરવા બદલ શંકર આઈએએસ એકેડેમી પર ૫ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો

કમલમ્ ન્યુઝ,

સેન્ટ્રલ કન્ઝ્યુમર પ્રોટેક્શન ઓથોરિટી (સીસીપીએ) એ યુપીએસસી સિવિલ સર્વિસ પરીક્ષા ૨૦૨૨ સંબંધિત ભ્રામક જાહેરાત માટે શંકર આઈએએસ એકેડેમી સામે એક આદેશ જારી કર્યો છે. સીસીપીએના વડા ચીફ કમિશનર શ્રીમતી નિધિખરે અને કમિશનર શ્રીઅનુપમ મિશ્રા છે.સીસીપીએએ શંકર આઈએએસ એકેડમી પર ગેર માર્ગે દોરતી જાહેરાત બદલ ?૫ લાખનો દંડ ફટકાર્યો છે. એક વર્ગ તરીકે ગ્રાહકોનાઅધિકારોનું રક્ષણ કરવાઅને તેને પ્રોત્સાહન આપવા અને ગ્રાહક સુરક્ષા અધિનિયમ, ૨૦૧૯ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરતી કોઈ પણ ચીજવસ્તુઓ કે સેવાઓની કોઈ ખોટીકે ગેરમાર્ગે દોરનારી જાહેરાતકરવામાં નઆવે તેસુનિશ્ચિત કરવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ કાયદાની કલમ ૧૮સીસીપીએને અધિકાર આપેછે કે તે સુનિશ્ચિત કરશે કેઆ કાયદાની જોગવાઈઓઅથવા તેનાહેઠળ બનાવવામાં આવેલાનિયમો અથવાનિયમનોનું ઉલ્લંઘન કરતી કોઈ પણ વસ્તુ અથવા સેવાઓના સંદર્ભમાં કોઈ ખોટી અથવા ગેરમાર્ગે દોરનારી જાહેરાતકરવામાં નઆવે. શંકર આઈએએસએકેડમીએ પોતાની જાહેરાતમાં યુપીએસસી સિવિલ સર્વિસ પરીક્ષા ૨૦૨૨ના સંદર્ભમાં નીચે મુજબના દાવા કર્યા છે.

"ઓલ ઈન્ડિયા લેવલે ૯૩૩માંથી ૩૩૬ સિલેક્શન"

"ટોપ ૧૦૦માં ૪૦ ઉમેદવારો"

તમિલનાડુમાંથી ૪૨ ઉમેદવારો પાસ થયા છે, જેમાંથી ૩૭ ઉમેદવારોએ શંકર આઈએએસ એકેડમીમાંઅભ્યાસ કર્યો છે."

"બેસ્ટ આઈએએસ એકેડેમી ઈન ઈન્ડિયા"

સી.સી.પી.એ. ને જાણવા મળ્યું હતું કે શંકર આઈએએસ એકેડેમીવિવિધપ્રકારના અભ્યાસક્રમોની જાહેરાત કરે છે, પરંતુ ઉપરોક્ત યુપીએસસી સિવિલ સર્વિસની પરીક્ષાના પરિણામોમાં જાહેરાતમાં સફળ ઉમેદવારો દ્વારા જાહેર કરાયેલા સફળ ઉમેદવારો દ્વારા પસંદ કરવામાં આવેલા અભ્યાસક્રમના સંદર્ભમાં માહિતી છુપાવવામાંઆવી હતી. આનીઅસર એ છે કે ઉપભોક્તાઓખોટીરીતેમાને છે કે સંસ્થા દ્વારા દાવો કરવામાં આવેલા તમામ સફળ ઉમેદવારોએ તેનીવેબસાઈટ પરસંસ્થાદ્વારા જાહેરાત કરવામાં આવેલા પેઈડ અભ્યાસક્રમોની પસંદગી કરી હતી. બીજા શબ્દોમાં કહીએ તો, આ પ્રથા પરિણામે ગ્રાહકોને કોચિંગ સંસ્થાઓ દ્વારા જાહેરાત કરવામાં આવતા પેઈડ અભ્યાસક્રમો ખરીદવા માટે આકર્ષિત કરે છે. શંકર આઈ.એ.એસ. એકેડમીએ તેના જવાબમાં યુપીએસસી સીએસઈ ૨૦૨૨માં ૩૩૬ વત્તા પસંદગીના દાવા સામે ફક્ત ૩ સફળ ઉમેદવારોની વિગતો સબમિટ કરી હતી. દાવો કરવામાં આવેલા ૩૩૬ વિદ્યાર્થીઓમાંથી, ૨૨૧ વિદ્યાર્થીઓએ ફ્રી ઈન્ટરવ્યૂ ગાઈડન્સ પ્રોગ્રામ લીધો હતો, ૭૧એ મેઈન્સ ટેસ્ટ સિરીઝ લીધી હતી, ૩૫એ પ્રિલિમ્સ ટેસ્ટ સિરીઝ લીધી હતી, ૧૨એ જનરલ સ્ટડીઝ પ્રિલિમ્સ કમ મેઈન્સ લીધીહતી, ૪એ કેટલાક અન્ય મેઈન્સ કોર્સ (વૈકલ્પિક અને /અથવા જીએસ) સાથે પ્રિલિમ્સ ટેસ્ટ સિરીઝ લીધી હતી. આ હકીકતતેમની જાહેરાતમાંજાહેર કરવામાં આવી ન હતી, જેથી ગ્રાહકોને છેતરવામાં આવ્યા હતા. આ મહત્ત્વની હકીકતને છુપાવીને, આવી ખોટી અને ગેરમાર્ગે દોરનારી જાહેરાતો એ ગ્રાહકો પર ભારે અસર ઊભી કરે છે જેઓ યુપીએસસીના ઉમેદવારો છે અને તેમને એ વાતની જાણ કર્યા વિનાકે ઉમેદવારોનીસફળતામાં શંકર આઈએએસએકેડેમીની ભૂમિકાછે. આમ, જાહેરાતમાં ગ્રાહકના માહિતગાર થવાના અધિકારનો ભંગ કરવામાં આવ્યો છે જેથી પોતાને અયોગ્ય વેપાર પ્રથા સામે રક્ષણ મળી શકે. સીસીપીએએ શોધી કાઢ્યું હતું કે ૧૮ કિસ્સાઓમાં જ્યાં ઉમેદવારોએ શંકર આઈએએસ એકેડેમી પાસેથી પ્રારંભિક અભ્યાસક્રમ ખરીદ્યો હતો, ત્યારે પ્રાપ્તિ પર કોર્સની શરૂઆતની તારીખ ૦૯.૧૦.૨૦૨૨ તરીકે ઉલ્લેખવામાંઆવી છે, પરંતુ યુપીએસસીસીએસઈ, ૨૦૨૨ની પ્રિલિમ્સ ૦૫.૦૬.૨૦૨૨નારોજ પહેલેથી જ લેવામાં આવી હતી અને પરિણામ ૨૨.૦૬.૨૦૨૨ના રોજ જાહેર કરવામાં આવ્યું હતું, જેનો અર્થ ફક્ત એટલોજ થઈ શકે છે કે આ ઉમેદવારોએ આગામી યુપીએસસીસીએસઈ પ્રિલિમ્સ પરીક્ષા માટે પ્રારંભિક અભ્યાસક્રમ ખરીદ્યોહતો, એટલે કે, ૨૦૨૩. શંકર આઈએએસએ યુપીએસસીસીએસઈ ૨૦૨૨નીતેમની કુલ પસંદગીસૂચિમાંઆ ઉમેદવારોનો દાવો કર્યો હતો. સીસીપીએના ચીફ કમિશનર શ્રીમતી નિધિ ખરેએ જણાવ્યું હતું કે સમાચાર અહેવાલો અનુસાર દર વર્ષે યુપીએસસી સિવિલ સર્વિસીસ પરીક્ષા માટે ૧૦ લાખથી વધુ ઉમેદવારો અરજી કરે છે. શંકર આઈએએસ એકેડમીની જાહેરાત ગ્રાહકોના એક વર્ગએટલે કે યુપીએસસીના ઉમેદવારો તરફ લક્ષ્ય રાખવામાં આવી હતી. આ જ કારણ છે કે આવી જાહેરાતોમાં મહત્વપૂર્ણ માહિતીએવીરીતેજાહેર કરીને તથ્યોનું સાચું અને પ્રામાણિક પ્રતિનિધિત્વ હોવુંજોઈએ કે તે સ્પષ્ટ, અગ્રણી અને ગ્રાહકો માટે ચૂકીજવું ખૂબ જ મુશ્કેલ હોય. ગ્રાહક સુરક્ષા અધિનિયમ, ૨૦૧૯ની કલમ- 2(28) (iv) માંમહત્વપૂર્ણમાહિતીને જાણીજોઈને છુપાવવાના સંબંધમાં ગેરમાર્ગે દોરતી જાહેરાતોની વાત કરવામાંઆવી છે. સફળ ઉમેદવારો દ્વારા પસંદ કરવામાં આવેલા અભ્યાસક્રમ અંગેની માહિતી ગ્રાહકો માટે જાણવું મહત્વપૂર્ણ છે જેથી તેઓ કયા અભ્યાસક્રમ અને કોચિંગ ઈન્સ્ટિટ્યૂટમાં જોડાવું તે નક્કી કરતી વખતે જાણકાર પસંદગી કરી શકે. યુપીએસસી સિવિલ સર્વિસની પરીક્ષાના પરિણામોની જાહેરાત પછી તરત જ કોચિંગ સંસ્થાઓ અખબારો વગેરે પર જાહેરાતોનો મારો ચલાવેછે. આ જાહેરાતોમાં સફળઉમેદવારોના નામ અને ફોટોગ્રાફ્સમુખ્યત્વે દર્શાવવામાંઆવ્યા છે. સીસીપીએએ અસંખ્ય કોચિંગ સંસ્થાઓને ગેરમાર્ગે દોરતી જાહેરાતો માટે નોટિસ ફટકારીછે, જેમાંસીસીપીએએ નોંધ્યું છે કે કોચિંગ સંસ્થાઓ તેનીજાહેરાતોમાં એક જ સફળઉમેદવારના નામઅને ફોટોગ્રાફ્સનો મુખ્યત્વે ઉપયોગ કરે છે જેથી છેતરપિંડી થાય, જાણે કે સફળ ઉમેદવારો કોચિંગ સંસ્થાઓના પૂર્ણ-સમયના વર્ગખંડના વિદ્યાર્થીઓ હોય. વિવિધ કોચિંગ સંસ્થાઓની રજૂઆતોની તપાસ બાદ, સીસીપીએને જાણવામળ્યું કે મોટા ભાગના સફળ ઉમેદવારોએ માત્ર ઈન્ટરવ્યુ માર્ગદર્શન કાર્યક્રમો અથવા કોચિંગ સંસ્થાઓ દ્વારા ઓફર કરવામાં આવતા નિઃશુલ્ક કાર્યક્રમોમાં જ ભાગ લીધો હતો. ઝઝૅછએ શોધીકાઢ્યુંછે કે સફળઉમેદવારોના સમાન દાવાઓ ઘણી કોચિંગ સંસ્થાઓ દ્વારા કરવામાં આવ્યાહતા, આવાઉમેદવારોદ્વારા પસંદ કરાયેલા અભ્યાસક્રમો અને કોર્સની લંબાઈ જાહેર કર્યા વિના, જેથી સંભવિત ઉમેદવારો (ગ્રાહકો) ને ગેરમાર્ગે દોરવામાં આવે.

કમલમ્ ન્યુઝ,

સંતરામપુર તાલુકાનાબટકવાડામુકામેશ્રી લાલાભાઈ ધનાભાઈ ડિંડોરનામોટા ભાઈશ્રીસ્વ. અખમભાઈ ધનાભાઈ ડિંડોરના બેસણામાં વિસ્તારના ધારાસભ્ય અને ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોર સાહેબ હાજરી આપી શ્રધ્ધાસુમન અર્પણ કર્યા અનેતેમનાં પરિવારજનોને સાંત્વના પાઠવી. પરમ કૃપાળુ પરમાત્મા સદગતના દિવ્યાત્માને ચિર શાંતિ અર્પે એવી અંતઃકરણથી પ્રાર્થના.. આ તકે તાલુકા પંચાયતના કારોબારીઅધ્યક્ષશ્રી યોગેશભાઈ માલીવાડ, ભમરી ગામના સરપંચશ્રી, ભંડારા ગામના સરપંચશ્રી ભલાભાઈ ડિંડોર, ઊખરેલી ગામના સરપંચશ્રી દિનેશભાઈ, સીમલીયા ગામના સરપંચશ્રી, નાનીકયાર ગામના સરપંચશ્રી સહિત પરિવારજનોઅને ગ્રામજનો ઉપસ્થિતરહ્યા હતા.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat-382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028